ગઝલ સ્વરૂપ

ગઝલમાં રદીફ, કાફિયા અને છંદ

(કોઈપણ પ્રકારની શાસ્ત્રોક્ત ચર્ચા વગર ફક્ત ગઝલ-લેખન પુરતી જ જરૂરી સરળ સમજ)

ઉદય શાહ

(ગઝલશાસ્ત્રકાર – ગાયક – સ્વરકાર – ગઝલકાર)

૧૧૫/એ, ધર્મિન નગર, કબીલપોર, નવસારી – ૩૯૬૪૨૪.

(મો) ૯૪૨૮૮૮૨૬૩૨

Websites : www.sites.google.com/site/udayshahghazal

અહોનિશ ગઝલ પાઠ કરતો ફરું છું
શબદના વહેણોમાં સરતો ફરું છું
અમૃત 'ઘાયલ' ('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૮૧૭)

રદીફ : ફરું છું
કાફિયા : કરતો – સરતો
કાફિયા-વ્યવસ્થા : અકાર+રતો
છંદ : લગાંગા લગાંગા લગાંગા લગાંગા

ગણવિભાજન (તક્તી)

લ	ગાં	ગા	લ	ગાં	ગા	લ	ગાં	ગા	લ	ગાં	ગા
અ	હો	નિશ	ગ	ઝલ	પા	ઠ	કર	તો	ફ	રું	છું
શ	બદ	ના	વ	હે	ણો	માં	સર	તો	ફ	રું	છું

('ગા' સ્વરૂપના પ્રત્યય 'માં'ને છૂટ લઈને 'લ' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.)

આખા પુસ્તકમાં ઉદાહરણ તરીકે કુલ ૧૦૦ ગઝલોના મતલા રદીફ, કાફિયા, કાફિયા-વ્યવસ્થા અને છંદ સાથે પ્રસ્તુત કરવામાં આવ્યા છે જે પૈકી ૫૧ મતલામાં ગણવિભાજન (તક્તી) પણ પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

ગઝલશાસ્ત્રના વિષય પર ઉદય શાહના પુસ્તકો

1.

ग़ज़लधारा : ग़ज़ल का छंदशास्त्र एवं ग़ज़ल का तालशास्त्र

(ग़ज़ल का तालशास्त्र प्रस्तुत करने वाली एकमात्र पुस्तक)

2.

ગઝલનું છંદશાસ્ત્ર

(ગઝલના છંદોને મુખ્ય અને ગૌણ પદ્યભાર સાથે પ્રસ્તુત કરતું પુસ્તક)

3.

ગુજરાતી ગઝલનું કાફિયાશાસ્ત્ર

(ગુજરાતી તથા દેવનાગરી લિપિ જેવી લિપિ ધરાવતી ભાષાને અનુરૂપ કાફિયાક્ષર આધારિત નવી પદ્ધતિથી કાફિયાશાસ્ત્ર પ્રસ્તુત કરતું એકમાત્ર પુસ્તક)

મારી વેબસાઈટ **www.sites.google.com/site/udayshahghazal** પરથી ઉપરોક્ત પુસ્તકો સહિતના મારા બધા જ પુસ્તકો અને અભ્યાસ લેખ **PDF** સ્વરૂપે વિના મુલ્યે ડાઉનલોડ કરી શકાશે.

પ્રકાશક :-

મનીષા શાહ – ધારા શાહ

૧૧૫/એ, ધર્મિન નગર,
કબીલપોર,
નવસારી – ૩૯૬૪૨૪.

પ્રકાશન : જુલાઈ-૨૦૨૬

આખા પુસ્તકમાં ફક્ત અમૃત 'ઘાયલ'ના સમગ્રસંગ્રહ 'આઠોં જામ ખુમારી'માંથી જ ઉદાહરણોની પસંદગી કરવામાં આવી છે.

અમૃત 'ઘાયલ'

જન્મ : ૧૯-૮-૧૯૧૬, સરધાર (રાજકોટ).

અવસાન : ૨૫-૧૨-૨૦૦૨, રાજકોટ.

કાવ્યસંગ્રહ : શૂળ અને શમણાં, રંગ, રૂપ, ઝાંય, અગ્નિ, ગઝલ નામ સુખ, આશ્ચર્ય વચ્ચે, પશ્ચાત્.

સમગ્રસંગ્રહ : આઠોં જામ ખુમારી

ગઝલનું છંદશાસ્ત્ર અને કાફિયાશાસ્ત્ર : ગઝલ : કલા અને કસબ.

નવોદિત ગઝલકારોને .....

પૃષ્ઠ ક્રમાંક **2** પર પ્રસ્તુત મારા પુસ્તકો ગઝલના છંદશાસ્ત્ર, કાફિયાશાસ્ત્ર અને તાલશાસ્ત્રની ઊંડાણપૂર્વક વિસ્તૃત સમજ આપતા પુસ્તકો છે. ગઝલ લખવા માટે એ પુસ્તકો જેટલી ઊંડાણપૂર્વક વિસ્તૃત સમજની જરૂર હોતી નથી. જેઓનો ઉદ્દેશ ફક્ત ગઝલ લખવાનો જ છે તેઓને ફક્ત ગઝલ લખવા જેટલી જ સમજણ પ્રાપ્ત થાય એ જ હેતુથી ખાસ કરીને નવોદિત ગઝલકારો માટે આ પુસ્તક 'ગઝલ સ્વરૂપ', બની શકે એટલી સરળ રીતે પ્રસ્તુત કરી રહ્યો છું. આખા પુસ્તકમાં ફક્ત અમૃત 'ઘાયલ'ના સમગ્રસંગ્રહ 'આઠોં જામ ખુમારી'માંથી જ ઉદાહરણો આપવાનું કારણ એ જ છે કે તેઓ ઉચ્ચકોટિના ગઝલકાર ઉપરાંત ગઝલના છંદશાસ્ત્ર અને કાફિયાશાસ્ત્રના જ્ઞાતા પણ હતા. તેઓની ગઝલોમાં મને છંદ અને કાફિયામાં ઘણું વૈવિધ્ય પણ જોવા મળ્યું છે તથા મારા દ્રષ્ટિકોણ મુજબ તેઓની ગઝલોમાં છંદદોષ અને કાફિયાદોષનું પ્રમાણ પણ ખૂબ જ નહીંવત છે. નવોદિત ગઝલકારોને મારું નમ્ર સૂચન છે કે તેઓ મારા આ પુસ્તક 'ગઝલ સવરૂપ'ની સાથે સાથે અમૃત 'ઘાયલ'ના સમગ્રસંગ્રહ 'આઠોં જામ ખુમારી'નો પણ ખાસ અભ્યાસ કરે. આશા રાખું છું કે નવોદિત ગઝલકારોને આ પુસ્તક ખૂબ જ ઉપયોગી નીવડશે.

ઉદય શાહ

૧૧૫/એ, ધર્મિન નગર, કબીલપોર, નવસારી – ૩૯૬૪૨૪.

(મો) ૯૪૨૮૮૮૨૬૩૨

Websites : www.sites.google.com/site/udayshahghazal

અનુક્રમણિકા

પરિશિષ્ટ : અવલોકન લેખ

(૧)
ગઝલનું સ્વરૂપ

ગઝલને કાવ્યના બધા પ્રકારમાં ઉચ્ચ સ્થાને મુકી શકાય છે. કહેવાય છે કે ગઝલ તો મહેફિલની જાન છે. કોઈ એક નિશ્ચિત છંદમાં (બહર) એકસરખા રદીફ અને કાફિયા ધરાવતા શેરોના સમુહની રચનાથી એક ગઝલ બને છે. એક જ ગઝલના જુદા-જુદા શેરોમાં જુદા-જુદા વિષયો પસંદ કરી શકાય છે. એક જ ગઝલના દરેક શેરનું અલગ અસ્તિત્વ હોય છે અને દરેક શેર પોતે સંપૂર્ણ હોય છે. એક જ ગઝલના બે શેર એકબીજા સાથે સંબંધિત હોતા નથી. એકબીજા સાથે સંબંધિત એવી બે પંક્તિઓ (મિસરા) મળીને એક શેર બને છે કે જેની પહેલી પંક્તિને ઉલા મિસરા અને બીજી પંક્તિને સાની મિસરા કહે છે. એક જ ગઝલમાં ઓછામાં ઓછા પાંચ અને વધુમાં વધુ અગિયાર શેર હોવા જોઈએ, પરંતુ અગિયારથી વધુ શેરોની ગઝલો પણ જોવા મળે છે.

ગઝલનો પહેલો શેર કે જેની બંને પંક્તિઓમાં રદીફનો (અનુપ્રાસ) અને કાફિયાનો (પ્રાસ) પ્રયોગ થયો હોય એને ગઝલનો મતલા કહેવાય છે. એક જ ગઝલમાં એકથી વધુ મતલા કહી શકાય છે. મતલા સિવાયના બાકીના શેરોમાં ફક્ત બીજી પંક્તિમાં જ રદીફ અને કાફિયા નિભાવવા જરૂરી છે. ગઝલના દરેક શેરની બીજી પંક્તિના અંતે (મતલાની બંને પંક્તિના અંતે) રદીફનો પ્રયોગ થાય છે અને રદીફ પહેલાં કાફિયાનો પ્રયોગ થાય છે. ગઝલનો અંતિમ શેર કે જેમાં શાયર પોતાના નામનો કે ઉપનામનો (તખલ્લુસ) ઉલ્લેખ કરે તેને ગઝલનો મકતા કહેવાય છે. ગઝલના અંતિમ શેરમાં શાયરે પોતાના નામનો કે ઉપનામનો (તખલ્લુસ) ઉલ્લેખ ન કર્યો હોય તો તે ગઝલનો મકતા ન કહેવાતાં ગઝલનો અંતિમ શેર કે છેલ્લો શેર જ કહેવાશે.

ગઝલમાં રદીફ અનિવાર્ય નથી પરંતુ કાફિયા અનિવાર્ય છે. કાફિયા વગર ગઝલ રચી શકાય નહીં. રદીફ વગરની ગઝલમાં મતલાની બંને પંક્તિના અંતે અને બાકીના શેરોની બીજી પંક્તિના અંતે કાફિયાનો પ્રયોગ થાય છે.

હવે અમૃત 'ઘાયલ'ની બે ગઝલ પ્રસ્તુત છે. આ બંને ગઝલમાં જે છંદોનો પ્રયોગ કર્યો છે એ ગુજરાતી ગઝલમાં એટલો બધો પ્રચલિત છે કે એ છંદોનો પ્રયોગ ન કર્યો હોય એવો ગુજરાતી ગઝલકાર શોધવો અસંભવ થઈ જાય.

શી ખબર આવું પરિવર્તન થશે
દિલ સરીખો દોસ્ત પણ દુશ્મન થશે

સદવિચારો છે તો સદવર્તન થશે
આ ચિરાગો પણ કદી રોશન થશે

ધીર ધર મારા દુઃખી મન ધીર ધર
એક દી દુઃખ પોતે દુઃખભંજન થશે

ભય પ્રલયનો કંઈ નથી એ ખેદ છે
નષ્ટ સર્જનહારનું સર્જન થશે

તું દુભાવીને તો જો મારું હૃદય
મારું દુઃખ તારું મનોરંજન થશે

છે ક્ષણિક કિંતુ નથી જીવ્યું જતું
શું થશે જ્યારે અમર જીવન થશે

મોક્ષ પર મરનાર મૂરખ માનવી
શું થશે જો મોક્ષ પણ બંધન થશે

દોસ્ત તારા દોસ્ત જૂના છોડ મા
દોસ્ત સૌ જૂના નવા દુશ્મન થશે

હર લડત 'ઘાયલ' તું લડજે પ્રેમથી
જેર એ 'અમૃત' થકી દુશ્મન થશે

- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૬૯)

રદીફ : થશે
કાફિયા : પરિવર્તન, દુશ્મન, સદવર્તન, રોશન, દુઃખભંજન, સર્જન, મનોરંજન, જીવન, બંધન.
કાફિયા-વ્યવસ્થા : અકાર+ન
છંદ : ગાલગાગા ગાલગાગા ગાલગા

એક એની યાદથી આનંદ છે આરામ છે
જીવ ઠેકાણે નથી પણ જીવવાની હામ છે

જિંદગીના એક દિનનું મોત બીજું નામ છે
એ તને કોણે કહ્યું મરવા પછી આરામ છે

શી નવાઈ આજ મારું નામ જો બદનામ છે
પ્રેમનો અંજામ શો છે એ જ તો અંજામ છે

એમણે તો યશની રેખા હાથમાં આપી હતી
વાંક મારો છે જો માથે સેંકડો ઇલ્ઝામ છે

કૈં ભુલાવામાં પડ્યો છે માર્ગદર્શક તું જરૂર
માર્ગ ક્યાં છે આપણો આ માર્ગ તો સરિયામ છે

માન્યું રમતારામ છું હું મારું ઠેકાણું નથી
તારું પણ ઠેકાણું ક્યાં છે તુંય રમતારામ છે

કાળ જેવો કાળ બોલ્યો જોઈને 'ઘાયલ'ની લાશ
એ ગજું ક્યાં મોતનું એ જિંદગીનું કામ છે

-અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૨૭)

રદીફ : છે
કાફિયા : આરામ, હામ, નામ, બદનામ, અંજામ, ઇલ્ઝામ, સરિયામ, રમતારામ, કામ.
કાફિયા-વ્યવસ્થા : આકાર+મ
છંદ : ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

આખા પુસ્તકમાં, ગઝલના છંદોમાં ઉપર ટપકું મુખ્ય પદ્યભાર અને નીચે ટપકું ગૌણ પદ્યભાર દર્શાવે છે. ગઝલ લખવા માટે મુખ્ય અને ગૌણ પદ્યભાર યાદ રાખવા જરૂરી નથી. તેથી આખા પુસ્તકમાં મુખ્ય અને ગૌણ પદ્યભાર વિશે ચર્ચા પણ કરી નથી.

*****

(૨)
ગઝલમાં કાફિયા-વ્યવસ્થા

સમાન ઉચ્ચારાંત ધરાવતા શબ્દો ગઝલમાં કાફિયા તરીકે પ્રયોજવામાં આવે છે. એક જ ગઝલના જુદા-જુદા કાફિયામાં અંતેથી નિશ્ચિત ક્રમના જે અક્ષરના સ્વરની સમાનતાના કારણે કાફિયામાં ઉચ્ચારાંતમાં સમાનતાની શરૂઆત થાય છે એને આપણે કાફિયાક્ષર (મુખ્ય અક્ષર) કહીશું.

કાફિયામાં કાફિયાક્ષર પછીના અક્ષરો સ્વર અને વ્યંજનના ક્રમ સહિત એકસરખા જ હોય છે અથવા કાફિયાના ફક્ત અંત્યાક્ષરોના સ્વર જ એકસરખા હોય છે એટલે કે અંત્યાક્ષર જ કાફિયાક્ષર હોય છે.

મતલાના બે કાફિયામાં કાફિયાક્ષરોના સ્વર એકસરખા અને વ્યંજન અલગઅલગ હોય છે અથવા એક સ્વર અને બીજો એ જ સ્વરયુક્ત વ્યંજન હોય છે. ગઝલના મતલા સિવાયના અન્ય શેરોમાં પણ કાફિયાના કાફિયાક્ષરોમાં વ્યંજનનું જેટલું વધુ વૈવિધ્ય જાળવવામાં આવે એટલું વધુ સારું ગણાશે.

કાફિયામાં ઉચ્ચારાંતમાં સમાનતાની શરૂઆત થવાનું કારણ સ્વર હોવાથી કાફિયાક્ષરોનું સ્વરાંત હોવું આવશ્યક છે. જો એકસરખા અંત્યાક્ષરો પહેલાનો અક્ષર જોડાક્ષર હોય અથવા અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો અક્ષર હોય તો એ પણ બધા જ કાફિયામાં એકસરખો જ હોવો જોઇએ અને એના પહેલાના અક્ષરનો ફક્ત સ્વર એકસરખો હોવો જોઇએ.

આ પદ્ધતિ મુજબ કાફિયામાં પ્રયુક્ત કાફિયાક્ષર પહેલાના અક્ષરોનું કાફિયા-વ્યવસ્થા નક્કી કરવામાં કંઈ જ યોગદાન કે મહત્વ નથી. કાફિયામાં પ્રયુક્ત કાફિયાક્ષર પહેલાના અક્ષરો ગઝલમાં પ્રયુક્ત છંદને અનુરૂપ હોય એટલું જ પૂરતું છે.

કાફિયા-વ્યવસ્થા = (કાફિયાક્ષરનો સ્વરાકાર) + (કાફિયાક્ષર પછીના એકસરખા અક્ષરો)

કાફિયામાં કાફિયાક્ષર પહેલાના અસમાન ભાગ અને કાફિયાક્ષર પછીના સમાન ભાગને જોડતી કડીનું કામ કાફિયાક્ષરો કરે છે તથા ગઝલમાં કાફિયા પહેલાના અસમાન ભાગ અને કાફિયા પછીના સમાન ભાગને (રદીફને) જોડતી કડીનું કામ કાફિયા કરે છે. આ બાબત નીચે દર્શાવેલ ઉદાહરણ પરથી સમજી શકાશે.

સખાતે બેસહારાની સહારા દોડતા આવ્યા,
જિગરથી ઝંપલાવ્યું તો કિનારા દોડતા આવ્યા.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૧૯)
રદીફ : દોડતા આવ્યા
કાફિયા : સહારા – કિનારા
કાફિયા-વ્યવસ્થા : આકાર+રા
છંદ : લગાગાગાં લગાગાગાં લગાગાગાં લગાગાગાં

કાફિયા પહેલાનો અસમાન ભાગ	**કાફિયા**	કાફિયા પછીનો સમાન ભાગ (રદીફ)
સખાતે બેસહારાની	સહારા	દોડતા આવ્યા
જિગરથી ઝંપલાવ્યું તો	કિનારા	દોડતા આવ્યા
(કાફિયાક્ષર રેખાંકિત કરીને દર્શાવ્યા છે.)		

ઉપરોક્ત બાબત સમજવામાં અઘરી લાગતી હોય તો પણ નીચે પ્રસ્તુત માતલાના અભ્યાસ દ્વારા પણ ગઝલમાં કાફિયાદોષ નિવારવાનું સરળ થઈ જશે.

ગઝલમાં કાફિયા-વ્યવસ્થાની વિસ્તૃત અને શાસ્ત્રોક્ત ચર્ચા માટે મારા પુસ્તક 'ગુજરાતી ગઝલનું કાફિયાશાસ્ત્ર'નો અભ્યાસ કરવો રહ્યો.

હવે ગઝલમાં કાફિયા-વ્યવસ્થા સમજવા માટે અમૃત 'ઘાયલ'ના સમગ્રસંગ્રહ 'આઠોં જામ ખુમારી'માંથી કેટલાંક માતલા પ્રસ્તુત છે. આખા પુસ્તકમાં 'કાફિયા'ના વિવરણ હેઠળ કાફિયામાં કાફિયાક્ષર રેખાંકિત કરીને દર્શાવ્યા છે.

(A)

"ગઝલમાં પ્રયુક્ત બધા જ કાફિયામાં ઓછામાં ઓછો એક અંત્યાક્ષર એકસરખો હોવો જોઇએ અને એના પહેલાના અક્ષરનો ફક્ત સ્વર એકસરખો હોવો જોઇએ."

(૧)
બીજ થોડાં દઉં છું વેરી જ્યાં ચરણ ખોડું છું હું,
વૃક્ષ થાશે કે નહીં ઈશ્વર ઉપર છોડું છું હું.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૨૩)
રદીફ : છું હું
કાફિયા : ખોડું – છોડું
કાફિયા-વ્યવસ્થા : ઓકાર+ડું
છંદ : ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'ડું' એકસરખો હોવો જોઈએ અને એના પહેલાના અક્ષરનો સ્વર 'ઓ' એકસરખો હોવો જોઈએ.

(૨)
બોધ શ્રોતાને ગળે ના ઊતરે,
બોલ એમાં સંત સાધુ શું કરે!
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૮૬૪)
રદીફ : *
કાફિયા : ઊતરે – કરે
કાફિયા-વ્યવસ્થા : અકાર+રે
છંદ : ગાલગાગા ગાલગાગા ગાલગા

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'રે' એકસરખો હોવો જોઈએ અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો હોવો જોઈએ.

(૩)
હવે ક્યાં રહ્યું છે જરી વાર જેવું,
અસુખ થઈ ગયું છે લગાતાર જેવું.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૫૩૬)
રદીફ : જેવું
કાફિયા : વાર – લગાતાર
કાફિયા-વ્યવસ્થા : આકાર+ર
છંદ : લગાંગા લગાંગા લગાંગા લગાંગા

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'ર' એકસરખો હોવો જોઈએ અને એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' એકસરખો હોવો જોઈએ.

(૪)
જ્યાં દુઃખ નથી કે રંજ નથી કોઈ ગમ નથી,
જન્નત એ દોસ્ત લેશ જહન્નમથી કમ નથી.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૮૪૦)
રદીફ : નથી
કાફિયા : ગમ – કમ
કાફિયા-વ્યવસ્થા : અકાર+મ
છંદ : ગાગાં લગાલગાં લલગાગાં લગાલગાં

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'મ' એકસરખો હોવો જોઈએ અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો હોવો જોઈએ.

(B)

“જો એકસરખા અંત્યાક્ષરો પહેલાનો અક્ષર જોડાક્ષર અથવા અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો અક્ષર હોય તો એ પણ બધા જ કાફિયામાં એકસરખો જ હોવો જોઇએ અને એના પહેલાના અક્ષરનો ફક્ત સ્વર એકસરખો હોવો જોઇએ.”

(૫)
એવી જ છે ઇચ્છા તો મેં આ ઘૂંટ ભર્યો, લે!
છોડ્યો જ હતો કિન્તુ ફરી મીઠો કર્યો, લે!
- અમૃત ‘ઘાયલ’
(‘આઠોં જામ ખુમારી’, પૃષ્ઠ ક્રમાંક ૪૧૫)
રદીફ : લે
કાફિયા : ભર્યો – કર્યો
કાફિયા-વ્યવસ્થા : અકાર+ર્યો
છંદ : ગાગાં લલ઼ગાગાં લલ઼ગાગાં લલ઼ગાગાં

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં જોડાક્ષર ‘ર્’ સહિત અંત્યાક્ષર ‘યો’ એટલે કે અંત્યાક્ષર ‘ર્યો’ એકસરખો હોવો જોઈએ અને એના પહેલાના અક્ષરનો સ્વર ‘અ’ એકસરખો હોવો જોઈએ. ‘ભર્યો’ અથવા ‘કર્યો’ કાફિયા સાથે લખ્યો, વધ્યો, ગમ્યો, હસ્યો વગેરે જેવા કાફિયા અયોગ્ય ગણાય છે કે જેમાં જોડાક્ષર અલગઅલગ હોય.

(૬)

અમને કહ્યું નજરનું કરતાં ય આવડે છે,
જીવતાં ય આવડે છે મરતાં ય આવડે છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૪૨)

રદીફ : ય આવડે છે
કાફિયા : ક઼રતાં – મ઼રતાં
કાફિયાનો ઉચ્ચાર : કર્તાં – મર્તાં
કાફિયા-વ્યવસ્થા : અકાર+રતાં
છંદ : ગાગાંલગા લગાંગા, ગાગાંલગા લગાંગા

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો છેલ્લેથી બીજો અક્ષર 'ર' સહિત અંત્યાક્ષર 'તાં' એટલે કે અંત્યાક્ષરો 'રતાં' એકસરખા હોવા જોઈએ અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો હોવો જોઈએ. 'કરતાં' અથવા 'મરતાં' કાફિયા સાથે ઘડતાં, હસતાં, લખતાં, ભમતાં વગેરે જેવા કાફિયા અયોગ્ય ગણાય છે કે જેમાં અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો અક્ષર (અહીં છેલ્લેથી બીજો અક્ષર) અલગઅલગ હોય.

(૭)

શબ્દને તોડ્યો છે મેં ફોડ્યો છે,

તોડીફોડી યથેચ્છ જોડ્યો છે.

- અમૃત 'ઘાયલ'

('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૭૧૧)

રદીફ : છે

કાફિયા : <u>ફો</u>ડ્યો – <u>જો</u>ડ્યો

કાફિયા-વ્યવસ્થા : ઓકાર+ડ્યો

છંદ : ગાલ઼ગાગાં લગ઼ાલગાં લલ઼ગા

(આ છંદમાં અંતે 'લલગા'ને બદલે 'ગાગા' પણ લઈ શકાય)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં જોડાક્ષર 'ડ્' સહિત અંત્યાક્ષર 'યો' એટલે કે અંત્યાક્ષર 'ડ્યો' એકસરખો હોવો જોઈએ અને એના પહેલાના અક્ષરનો સ્વર 'ઓ' એકસરખો હોવો જોઈએ. 'ફોડ્યો' અથવા 'જોડ્યો' કાફિયા સાથે ટોક્યો, જોખ્યો, બોલ્યો, રોપ્યો વગેરે જેવા કાફિયા અયોગ્ય ગણાય છે કે જેમાં જોડાક્ષર અલગઅલગ હોય.

(૮)

નથી એ પામવું સ્હેલું, તથા ઘડવું નથી સ્હેલું,
નથી સ્હેલું અહીં દિલ ગમસભર જડવું નથી સ્હેલું.

- અમૃત 'ઘાયલ'

('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૮૨૯)

રદીફ : નથી સ્હેલું

કાફિયા : <u>ઘ</u>ડવું – <u>જ</u>ડવું

કાફિયાનો ઉચ્ચાર : ઘડ્વું – જડ્વું

કાફિયા-વ્યવસ્થા : અકાર+ડવું

છંદ : લગાગાગાં લગાગાગાં લગાગાગાં લગાગાગાં

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો છેલ્લેથી બીજો અક્ષર 'ડ' સહિત અંત્યાક્ષર 'વું' એટલે કે અંત્યાક્ષરો 'ડવું' એકસરખા હોવા જોઈએ અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો હોવો જોઈએ. 'ઘડવું' અથવા 'જડવું' કાફિયા સાથે કરવું, હસવું, લખવું, ભમવું વગેરે જેવા કાફિયા અયોગ્ય ગણાય છે કે જેમાં અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો અક્ષર (અહીં છેલ્લેથી બીજો અક્ષર) અલગઅલગ હોય.

(C)

"જે કાફિયામાં એકસરખા અંત્યાક્ષરો ન હોય પરંતુ અંત્યાક્ષરોનો ફક્ત સ્વર જ એકસરખો હોય એવા સ્વરાંત કાફિયામાં અકારાંત કાફિયા વર્જિત છે. સ્વરાંત કાફિયામાં અકારાંત સિવાયના એટલે કે આકારાંત, ઈકારાંત, ઉંકારાંત, એકારાંત અને ઓકારાંત કાફિયા લઈ શકાય."

(૯)
હતા આદમી તે છતા થઈ ગયા,
છતા ના થયા તે ખુદા થઈ ગયા.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૮૧૧)
રદીફ : થઈ ગયા
કાફિયા : છતા – ખુદા
કાફિયા-વ્યવસ્થા : આકારાંત
છંદ : લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાં

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં ફક્ત અંત્યાક્ષરનો સ્વર 'આ' જ એકસરખો હોવો જોઈએ.

(૧૦)
દોસ્તો જિંદગી છે, ઘડી બે ઘડી,
હો દુઃખી કે સુખી છે, ઘડી બે ઘડી.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૮૬૮)
રદીફ : છે ઘડી બે ઘડી
કાફિયા : જિંદગી – સુખી
કાફિયા-વ્યવસ્થા : ઈકારાંત
છંદ : ગ઼ાલગાં ગ઼ાલગાં ગ઼ાલગાં ગ઼ાલગાં

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં ફક્ત અંત્યાક્ષરનો સ્વર 'ઈ' જ એકસરખો હોવો જોઈએ.

(D)

"ગુજરાતી ગઝલમાં રદીફ-કાફિયામાં અનુનાસિક અનુસ્વારની છૂટ સ્વીકાર્ય ગણવામાં આવી છે."

(૧૧)
તિમિર હું તેજ ફેંકીને હણું છું,
ઉષાકર છું, કહ્યું કોણે અણુ છું.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૮૩)
રદીફ : છું
કાફિયા : હણું – અણુ
(એકસરખા અંત્યાક્ષરમાં અનુનાસિક અનુસ્વારની છૂટ)
કાફિયા-વ્યવસ્થા : અકાર + ણું
છંદ : લગ઼ાગાગાં લગ઼ાગાગાં લગ઼ાગા

(૧૨)
આમ મંદિર બહુ જ ખાસું છે,
પણ શિખર મનનું સ્હેજ ત્રાંસું છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૯૦)
રદીફ : છે
કાફિયા : ખાસું – ત્રાંસું
(એકસરખા અંત્યાક્ષર પહેલાના એકસરખા સ્વરવાળા અક્ષરમાં એટલે કે કાફિયાક્ષરમાં અનુનાસિક અનુસ્વારની છૂટ)
કાફિયા-વ્યવસ્થા : આકાર+સું
છંદ : ગાલ઼ગાગાં લગ઼ાલગાં લલ઼ગા
(આ છંદમાં અંતે 'લલગા'ને બદલે 'ગાગા' પણ લઈ શકાય)

(E)

ઉપર આપણે ચુસ્ત કાફિયા-વ્યવસ્થા જોઈ ગયા હવે આપણે અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા જોઈએ.

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થામાં એકસરખાં સ્વરવાળા અક્ષરની સંખ્યા ચોક્કસ અનુક્રમમાં એકથી વધુ હશે. મતલામાં અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા હોવા છતાં આખી ગઝલમાં ફક્ત ચુસ્ત કાફિયા-વ્યવસ્થા જ નિભાવવી જરૂરી છે પરંતુ આખી ગઝલમાં મતલા મુજબની અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા નિભાવવામાં આવે તો ગઝલ વધુ નિખરશે.

(૧૩)
નવી દ્રષ્ટિ પ્રથમ પયદા કરે જૂના નયન માટે;
પછી મંતવ્ય બાંધે સાક્ષરો મારાં કવન માટે.
- અમૃત ‘ઘાયલ’
(‘આઠોં જામ ખુમારી’, પૃષ્ઠ ક્રમાંક ૧૦૩)
રદીફ : માટે
કાફિયા : ન<u>ય</u>ન - ક<u>વ</u>ન
કાફિયા-વ્યવસ્થા : અકાર+ન
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+અકાર+ન
છંદ : લગાગાગાં લગાગાગાં લગાગાગાં લગાગાગાં

(૧૪)
નથી સમજાતું જીવે કોણ કોની મ્હેરબાની પર;
મહોબત પર જવાની કે મહોબત ખુદ જવાની પર.
- અમૃત ‘ઘાયલ’
(‘આઠોં જામ ખુમારી’, પૃષ્ઠ ક્રમાંક ૧૦૯)
રદીફ : પર
કાફિયા : મ્હેર<u>બા</u>ની - જ<u>વા</u>ની
કાફિયા-વ્યવસ્થા : આકાર+ની
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+આકાર+ની
છંદ : લગાગાગાં લગાગાગાં લગાગાગાં લગાગાગાં

(૧૫)
લાવ્યા છે કોણ જાણે કોનો વિચાર આજે;
વાગે છે ઉરમાં ઝીણી ઝીણી સિતાર આજે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૧૦)
રદીફ : આજે
કાફિયા : વિચાર - સિતાર
કાફિયા-વ્યવસ્થા : આકાર+ર
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : ઇકાર+આકાર+ર
છંદ : ગાગાંલગા લગાંગા, ગાગાંલગા લગાંગા

(૧૬)
મરણને કંઈ દયા આવે? મરણને પણ દયા આવી;
હતી મુજ દુર્દશા કેવી? હતી મુજ દુર્દશા આવી.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૪૬)
રદીફ : આવી
કાફિયા : દયા - દુર્દશા
કાફિયા-વ્યવસ્થા : આકારાંત
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+આકાર
છંદ : લગાગાગાં લગાગાગાં લગાગાગાં લગાગાગાં

(૧૭)
ભલું ભાગ્યનું થાવ, દીધી ફકીરી;
ફકીરી ય કેવી કે કુચ્ચા અમીરી.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૨૨૮)
રદીફ : *
કાફિયા : ફકીરી - અમીરી
કાફિયા-વ્યવસ્થા : ઈકાર+રી
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+ઈકાર+રી
છંદ : લગાંગા લગાંગા લગાંગા લગાંગા

(૧૮)

નથી બીજું કમાયા કંઈ જીવનની એ કમાઈ છે;
અમારે મન જીવનમૂડી અમારી માણસાઈ છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૨૩૪)
રદીફ : છે
કાફિયા : કમાઈ - માણસાઈ
કાફિયા-વ્યવસ્થા : આકાર+ઈ
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+આકાર+ઈ
છંદ : લગાગાગાં લગાગાગાં લગાગાગાં લગાગાગાં

(૧૯)

વર્ષો થયાં પ્રસન્ન જિવારો નથી થયો;
કારણ, કોઈ અદીઠ ઇશારો નથી થયો.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૨૭૭)
રદીફ : નથી થયો
કાફિયા : જિવારો - ઇશારો
કાફિયા-વ્યવસ્થા : આકાર+રો
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : ઇકાર+આકાર+રો
છંદ : ગાગાં લગાલગાં લલગાગાં લગાલગાં

(૨૦)
એ જ તો હોય છે આધાર નિરાધાર કને;
હોય ના અશ્રુઓ તો હોય શું લાચાર કને.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૩૬)
રદીફ : કને
કાફિયા : નિરાધાર - લાચાર
કાફિયા-વ્યવસ્થા : આકાર+ર
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : આકાર+આકાર+ર
છંદ : ગાલ઼ગાગાં લલ઼ગાગાં લલ઼ગાગાં લલ઼ગા
(આ છંદમાં અંતે 'લલગા'ને બદલે 'ગાગા' પણ લઈ શકાય)

(૨૧)
તારી નજદીક અવાયું લાગે;
એય ક્યાંથી કે મળાયું લાગે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૪૧)
રદીફ : લાગે
કાફિયા : અવાયું - મળાયું
કાફિયા-વ્યવસ્થા : આકાર+યું
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+આકાર+યું
છંદ : ગાલ઼ગાગાં લગ઼ાલગાં લલ઼ગા
(આ છંદમાં અંતે 'લલગા'ને બદલે 'ગાગા' પણ લઈ શકાય)

(૨૨)

અંતરમાં સળવળે છે ઇશારાની લાગણી;
કે થાય છે મને ય સિતારાની લાગણી.

- અમૃત 'ઘાયલ'

('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૫૬)

રદીફ : ની લાગણી

કાફિયા : ઇશારા - સિતારા

કાફિયા-વ્યવસ્થા : આકાર+રા

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : ઇકાર+આકાર+રા

છંદ : ગાગાં લગ઼ાલગાં લલ઼ગાગાં લગ઼ાલગાં

(૨૩)

પ્રવાહી મોતીઓ પાલવ મહીં લઈને ઘટા આવી;
અચાનક ગેલતી ને ખેલતી ઠંડી હવા આવી.

- અમૃત 'ઘાયલ'

('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૫૦૭)

રદીફ : આવી

કાફિયા : ઘટા – હવા

કાફિયા-વ્યવસ્થા : આકારાંત

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+આકાર

છંદ : લગ઼ાગાગાં લગ઼ાગાગાં લગ઼ાગાગાં લગ઼ાગાગાં

(૨૪)

રહી રહી અને ભીતર જલાવતી તો હશે;
ને અશ્રુ આંખ કનેથી પડાવતી તો હશે.

- અમૃત 'ઘાયલ'

('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૫૨૪)

રદીફ : તો હશે

કાફિયા : જલાવતી - પડાવતી

કાફિયા-વ્યવસ્થા : આકાર+વતી

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+આકાર+વતી

છંદ : લગાલગાં લલગાગાં લગાલગાં લલગા

(આ છંદમાં અંતે 'લલગા'ને બદલે 'ગાગા' પણ લઈ શકાય)

(૨૫)

શબ્દને જો લોહીની સાચપ મળે;
તો જ વાણીને ખરી તાજપ મળે.

- અમૃત 'ઘાયલ'

('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૭૩૫)

રદીફ : મળે

કાફિયા : સાચપ - તાજપ

કાફિયા-વ્યવસ્થા : અકાર+પ

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : આકાર+અકાર+પ

છંદ : ગાંલગાગા ગાંલગાગા ગાંલગા

(૨૬)

બહુ ખતરનાક કમનિગાહી છે;
એ સિયાહીની પણ સિયાહી છે.

- અમૃત 'ઘાયલ'

('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૮૭૭)

રદીફ : છે

કાફિયા : કમનિગાહી - સિયાહી

કાફિયા-વ્યવસ્થા : આકાર+હી

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : ઇકાર+આકાર+હી

છંદ : ગાલ઼ગાગાં લગ઼ાલગાં લલ઼ગા

(આ છંદમાં અંતે 'લલગા'ને બદલે 'ગાગા' પણ લઈ શકાય)

(૨૭)

હોય છે આંખો પરંતુ રોશની હોતી નથી;
દુશ્મની જ્યાં હોય છે, ત્યાં દોસ્તી હોતી નથી.

- અમૃત 'ઘાયલ'

('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૮૪૨)

રદીફ : હોતી નથી

કાફિયા : રોશની – દોસ્તી(દોસતી)

કાફિયા-વ્યવસ્થા : ઈકારાંત

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા - ૧ : અકાર+ઈકાર

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા - ૨ : ઓકાર+અકાર+ઈકાર

છંદ : ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

(૨૮)

શબ્દની આરપાર જીવ્યો છું;

હું બહુ ધારદાર જીવ્યો છું.

- અમૃત 'ઘાયલ'

('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૮૩)

રદીફ : જીવ્યો છું

કાફિયા : આરપાર - ધારદાર

કાફિયા-વ્યવસ્થા : આકાર+ર

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા - ૧ : અકાર+આકાર+ર

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા - ૨ : આકાર+અકાર+આકાર+ર

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા - ૩ : આકાર+ર+આકાર+ર

છંદ : છંદ : ગાલ઼ગાગાં લગ઼ાલગાં લલ઼ગા

(આ છંદમાં અંતે 'લલગા'ને બદલે 'ગાગા' પણ લઈ શકાય)

*****

(3)
લઘુ-ગુરુ સમજ અને છૂટ

સૌપ્રથમ લઘુઅક્ષર અને ગુરુઅક્ષર કોને કહેવાય એ અંગેની પ્રાથમિક માહિતી પ્રસ્તુત કરું છું.

લ = લઘુ = ૧ માત્રામાં ઉચ્ચારણ
ગા = ગુરુ = ૨ માત્રામાં ઉચ્ચારણ

લઘુ સ્વર = અ, ઇ, ઉ, ઋ
ગુરુ સ્વર = આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં, અ:

લઘુ સ્વર અને લઘુ સ્વરયુક્ત વ્યંજન લઘુ ગણાય છે તથા ગુરુ સ્વર અને ગુરુ સ્વરયુક્ત વ્યંજન ગુરુ ગણાય છે. આમ છતાં જે લઘુનો દીર્ઘ ઉચ્ચાર કર્ણકટુ ન લાગતો હોય એ લઘુને ગુરુ ગણવાની તથા જે ગુરુનો હ્રસ્વ ઉચ્ચાર કર્ણકટુ ન લાગતો હોય એ ગુરુને લઘુ ગણવાની છૂટ લઈ શકાય છે.

ગઝલમાં બે લઘુનું જૂથ નીચે મુજબ પ્રયોજવામાં આવતું હોય છે.

‘લલ’ સ્વરૂપ = સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુ = બંને લઘુનું સ્વર સહિત ઉચ્ચારણ.
(કવિ, તિથિ, તરુ, પુરુ, વિભુ, ધુનિ.)

‘લલ્’ સ્વરૂપ = સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુ= પહેલા લઘુનું સ્વર સહિત અને બીજા લઘુનું હલન્ત ઉચ્ચારણ.
(મન, દિલ, ખુશ, ક્રમ, સ્મિત.)

ગઝલમાં ‘લલ્’ સ્વરૂપના બે લઘુનું જૂથ એક ગુરુ એટલે કે ‘ગા’ જ ગણાશે જ્યારે ‘લલ’ સ્વરૂપના બે લઘુનું જૂથ બે લઘુ એટલે કે ‘લલ’ જ ગણાશે. ગઝલમાં ‘લલ’ અને ‘ગા’ સ્વરૂપ એકબીજાના સ્થાન પર પ્રયોજી શકાતા નથી.

નીચે કેટલાંક શબ્દોના લગાત્મક સ્વરૂપ પ્રસ્તુત છે કે જેમાં ‘લલ્’ સ્વરૂપને ‘ગા’ કર્યું છે જ્યારે ‘લલ’ સ્વરૂપને એમ જ રહેવા દીધું છે.

ગર = ગર્ = લલ્ = ગા	પર = પર્ = લલ્ = ગા
ગરજ = ગ+રજ્ = લ+લલ્ = લગા	પરખ = પ+રખ્ = લ+લલ્ = લગા
ગરબો = = ગર્+બો = લલ્+ગા = ગાગા	પરચો = પર્+ચો = લલ્+ગા = ગાગા
ગરિમા = ગરિ+મા = લલ+ગા	પરુ = લલ
ગિર = ગિર્ = લલ્ = ગા	પુર = પુર્ = લલ્ = ગા
ગિરજા = ગિર્+જા = લલ્+ગા = ગાગા	પુરતું = પુર્+તું = લલ્+ગા = ગાગા
ગિરિ = લલ	પુરુ = લલ

ગિરિવર = ગિરિ+વર્ = લલ+લલ્ = લલગા
સબળ = સ+બળ્ = લ+લલ્ = લગા
સબળું = સબ્+ળું = લલ્+ગા = ગાગા
કવિતા = કવિ+તા = લલ+ગા
અનુમતિ = અનુ+મતિ = લલ+લલ
અનુભવ = અનુ+ભવ્ = લલ+લલ્ = લલગા
ઝરમર = ઝર્+મર્ = લલ્+લલ્ = ગાગા
દિલબર = દિલ્+બર્ = લલ્+લલ્ = ગાગા
ઝિલમિલ = ઝિલ્+મિલ્ = લલ્+લલ્ = ગાગા
બુલબુલ = બુલ્+બુલ્ = લલ્+લલ્ = ગાગા

જોડાક્ષરોમાં જોડાક્ષરનો થડકાર જે અક્ષર પર લાગતો હોય એ અક્ષર લઘુ હોય તો પણ થડકારને કારણે ગુરુ જ ગણાશે. જોડાક્ષરનો થડકાર જોડાક્ષર પહેલાના અક્ષર પર લાગતો હોય એવા શબ્દો જેમકે નિત્ય=ગાલ, ભક્તિ=ગાલ, કર્તવ્ય=ગાગાલ, વ્યગ્ર=ગાલ, દુશ્મન=ગાગા, વ્યવ્હાર=ગાગાલ. જોડાક્ષરનો થડકાર જોડાક્ષર પછીના અક્ષર પર લાગતો હોય એવા શબ્દો જેમકે, રહ્યું=લગા, સહ્યાં=લગા, કર્યા=લગા, પડ્યા=લગા, મળ્યા=લગા. જે શબ્દોની શરૂઆત જ જોડાક્ષરથી થતી હોય એ શબ્દોમાં પહેલા જોડાક્ષરવાળા અક્ષરના સ્વરના આધારે એનું લઘુ-ગુરુ માપ નક્કી થશે; જેમકે હ્રદય=લગા, પ્રથમ=લગા, સ્વયં=લગા, વ્યથા=લગા, વ્યવસ્થા=લગાગા, સ્વતંત્રતા=લગાલગા, ક્રિયા=લગા, પ્રેમ=ગાલ, પ્રીત=ગાલ.

<u>ગણવિભાજનમાં જોડાક્ષરનો થડકાર જે અક્ષર પર લાગતો હોય એ જ અક્ષરના ખાનામાં જોડાક્ષર દર્શાવ્યો છે.</u>

બધા જ અકારાંત દ્વિલઘુઅક્ષરીય શબ્દોમાં બીજા લઘુનો ઉચ્ચાર હલન્ત થતો હોવાથી એ બધાં 'ગા' સ્વરૂપે જ પ્રયોજાય છે, લલ સ્વરૂપે નહીં. જેમકે કર, ભર, તર, તન, મન, ધન, દિલ, શિવ, હિત, ચિત, ફુલ, ખુશ, ગુલ, મૃત, ગૃહ વગેરે.

લગભગ બધા જ અકારાંત ત્રિલઘુઅક્ષરીય શબ્દોમાં ત્રીજા લઘુનો ઉચ્ચાર હલન્ત થતો હોવાથી એ બધાં 'લગા' સ્વરૂપે જ પ્રયોજાય છે. જેમકે ગઝલ, કમલ, નયન, નજર, અમન, ચમન, દિવસ, જિગર, જટિલ, તિમિર, જુલમ, ચતુર, મુકુટ, નિપુણ, પુનિત, તૃષિત, પ્રથમ વગેરે.

લઘુ-ગુરુ વિશેની ઉપરોક્ત પ્રાથમિક સમજ પછી હવે ગઝલમાં લેવાતી છૂટ અંગેની ચર્ચા ઉદાહરણ સહિત કરીશું કે જેમાં ફક્ત બે જ છંદોના મતલા તથા જરૂર હોય ત્યાં મતલા અને એક શેર ઉદાહરણ તરીકે પ્રસ્તુત કર્યા છે. મારા મતાનુસાર નવોદિતો માટે નીચે દર્શાવેલ આ બે છંદ ઘણાં સરળ રહેશે.

(૧) ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

(૨) લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા

ગણવિભાજનમાં છૂટને રેખાંકિત કરીને દર્શાવી છે.

મતલામાં જે છૂટની ચર્ચા કરી છે એ જ રેખાંકિત કરીને દર્શાવવામાં આવી છે જ્યારે એ મતલાના ગણવિભાજનમાં અન્ય છૂટ પણ રેખાંકિત કરીને દર્શાવવામાં કરવામાં આવી છે.

(૧)

'સૌ' સિવાયના લગભગ બધાં જ એકાક્ષરી ગુરુ શબ્દોને અને બધાં જ પ્રત્યયોને ગુરુ ઉપરાંત લઘુ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે. જેમકે એ, હું, તું, જે, કે, છું, હા, ના, નો, ની, નું, થી, એ, ઓ, માં, મેં, તેં, ત્યાં, ક્યાં, જ્યાં વગેરે.

પ્રસ્તુત ઉદાહરણમાં 'ગા' સ્વરૂપના એકાક્ષરી શબ્દ 'એ'ને 'લ' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

(૧)
જે ન સમજે દરઅસલ છે પાપ શું!
પાપનો કરશે એ પશ્ચાતાપ શું!
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૭૪૨)
રદીફ : શું
કાફિયા : પાપ - પશ્ચાતાપ
કાફિયા-વ્યવસ્થા : આકાર+ત
છંદ : ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
જે	ન	સમ	જે	દર	અ	સલ	છે	પા	પ	શું
પા	પ	નો	કર	શે	એ	પશ્	ચા	તા	પ	શું

પ્રસ્તુત ઉદાહરણમાં 'ગા' સ્વરૂપના એકાક્ષરી પ્રત્યય 'ને'ને 'લ' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

(૨)

સર્વનું મારા હૃદયમાં સ્થાન છે,
દોસ્તશું, દુશ્મનને માટે માન છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૫૪)
રદીફ : છે
કાફિયા : સ્થાન – માન
કાફિયા-વ્યવસ્થા : આકાર+ન
છંદ : ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
સર્	વ	નું	મા	રા	હૃ	દય	માં	સ્થા	ન	છે
દોસ્	ત	શું	દુશ્	મન	ને	મા	ટે	મા	ન	છે

(૨)

મોટેભાગના અંત્ય ગુરુવાળા શબ્દોમાં અંત્ય ગુરુને લઘુ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે તથા ઘણાં અંત્ય લઘુવાળા શબ્દોમાં અંત્ય લઘુને ગુરુ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

(3)
હળવે હળવે વાય છે એ કોણ છે?
ધીમે ધીમે ગાય છે એ કોણ છે?
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૦૮)
રદીફ : છે એ કોણ છે
કાફિયા : વાય – ગાય
કાફિયા-વ્યવસ્થા : આકાર+ય
છંદ : ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
હળ	વે	હળ	વે	વા	ય	છે	એ	કો	ણ	છે
ધી	મે	ધી	મે	ગા	ય	છે	એ	કો	ણ	છે

'ગાગા' સ્વરૂપના 'હળવે' અને 'ધીમે' શબ્દમાં છેલ્લા ગુરુ અનુક્રમે 'વે' અને 'મે'ને લઘુ ગણીને એ બંને શબ્દોને પહેલીવાર 'ગાલ' તરીકે પ્રયોજવામાં આવ્યા છે જ્યારે એ બંને શબ્દોને બીજીવાર એના મૂળ સ્વરૂપ 'ગાગા' તરીકે જ પ્રયોજવામાં આવ્યા છે.

(૪)

જે થયું અર્પણ ઘણું થોડું થયું,

ભાન કિન્તુ કેટલું મોડું થયું.

- અમૃત 'ઘાયલ'

('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૨૭)

રદીફ : થયું

કાફિયા : થોડું – મોડું

કાફિયા-વ્યવસ્થા : ઓકાર+ડું

છંદ : ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
જે	થ	યું	અર્	પણ	ઘ	ણું	થો	ડું	થ	યું
ભા	ન	કિન્	તુ	કે	ટ	લું	મો	ડું	થ	યું

'ગાલ' સ્વરૂપના 'કિન્તુ' શબ્દમાં છેલ્લા લઘુ 'તુ'ને છૂટ લઈને ગુરુ તરીકે પ્રયોજવામાં આવ્યો છે.

(3)

'એક' અને 'દુઃખ' શબ્દનું લગાત્મક સ્વરૂપ 'ગાલ' હોવા છતાં જરૂર મુજબ 'ગા' સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે. જો કે 'દુઃખ' શબ્દ તો મોટેભાગે 'ગા' સ્વરૂપે જ પ્રયોજાતો હોય છે.

પ્રસ્તુત ઉદાહરણમાં 'એક' શબ્દને 'ગા' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

(૫)
એ ઘડી પણ <u>એક</u> વખત આવી હતી,
સુખની મારા હાથમાં ચાવી હતી.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૩૧)
રદીફ : હતી
કાફિયા : <u>આ</u>વી – <u>ચા</u>વી
કાફિયા-વ્યવસ્થા : આકાર+વી
છંદ : ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
એ	ઘ	ડી	પણ	<u>એક</u>	વ	ખત	આ	વી	હ	તી
સુખ	<u>ની</u>	મા	રા	હા	થ	માં	ચા	વી	હ	તી

'ગા' સ્વરૂપના પ્રત્યય 'ની'ને છૂટ લઈને 'લ' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

(૪)

અકારાંત વ્યંજન પછી સ્વરનો પ્રયોગ થયો હોય એવા કેટલાંક શબ્દોમાં એ બંનેને સંયુક્ત રીતે ઉચ્ચારીને ગા સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે. જેમ કે થઈ, ગઈ, લઈ, જઈ, કંઈ દઉં, લઉં વગેરે શબ્દો 'લગા' સ્વરૂપના હોવા છતાં 'ગા' સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

પ્રસ્તુત ઉદારહરણમાં 'લગા' સ્વરૂપના 'લઉં' શબ્દને 'ગા' સ્વરૂપ પ્રયોજવામાં આવ્યો છે.

(૬)
કેમ માની લઉં કે ઘર રેઢું જ છે?
કોઈ અંદર જોઉં છું બેઠું જ છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૬૬૨)
રદીફ : જ છે
કાફિયા : રેઢું – બેઠું
કાફિયા-વ્યવસ્થા : ઉંકારાંત
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : એકાર+ઉંકાર
છંદ : ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
કે	મ	મા	ની	લઉં	કે	ઘર	રે	ઢું	જ	છે
કો	ઈ	અં	દર	જો	ઉં	છું	બે	ઠું	જ	છે

કે = 'ગા'ને બદલે 'લ'
કોઈ, જોઉં = 'ગાગા'ને બદલે 'ગાલ'

(૫)

અકારાંત વ્યંજન પછી સ્વરયુક્ત 'હ'નો પ્રયોગ થયો હોય એવા કેટલાંક શબ્દોમાં એ બંનેને સંયુક્ત રીતે ઉચ્ચારીને ગા સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે. જેમ કે નહીં, અહીં, કહી, રહી, વહી, કહે, રહે, વહે, કહો, રહો વગેરે શબ્દો 'લગા' સ્વરૂપના હોવા છતાં 'ગા' સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે. એ જ રીતે કહેવા, પહેલા, રહેતી, વહેતું, સહેતો વગેરે શબ્દો 'લગાગા' સ્વરૂપના હોવા છતાં 'ગાગા' સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

(૭)
તક હતી સોનેરી કિન્તુ વહી ગઈ,
હાથમાં રેખા જ બાકી રહી ગઈ.
સ્થળ નહોતું પગ પડ્યો ત્યાં જળ હતું,
છેહ પોતાની જ આંખો દઈ ગઈ
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૫૪૦)
રદીફ : ગઈ
કાફિયા : વહી – રહી – દઈ
કાફિયાનો ઉચ્ચાર : વૈ – રૈ – દૈ
કાફિયા-વ્યવસ્થા : ઐકારાંત
છંદ : ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
તક	હ	તી	સો	ને	રી	કિન્	તુ	વહી	ગ	ઈ
હા	થ	માં	રે	ખા	જ	બા	કી	રહી	ગ	ઈ
સ્થળ	ન	હો	તું	પગ	પ	ડ્યો	ત્યાં	જળ	હ	તું
છે	હ	પો	તા	ની	જ	આં	ખો	દઈ	ગ	ઈ

'ગાલ' સ્વરૂપના 'કિન્તુ' શબ્દમાં છેલ્લા લઘુ 'તુ'ને છૂટ લઈને ગુરુ તરીકે પ્રયોજવામાં આવ્યો છે તથા 'ગાગાગા' સ્વરૂપના 'સોનેરી' શબ્દમાં છેલ્લા ગુરુ 'રી'ને છૂટ લઈને લઘુ તરીકે પ્રયોજવામાં આવ્યો છે.

(૬)

દુનિયા, દરિયા, બુઢિયા, ગુડિયા વગેરે શબ્દોમાં છેલ્લા અક્ષરમાં ‘ય’ પ્રયોજાયો છે અને એનાં પહેલાંનો એટલે કે બીજો અક્ષર હ્રસ્વ ‘ઇ’ યુક્ત છે. આ પ્રકારના શબ્દોમાં હ્રસ્વ ‘ઇ’ એનાં પછીના ‘ય’ સાથે સંયુક્ત રીતે ઉચ્ચારાઈ જતો હોવાથી એ શબ્દો મોટેભાગે ‘ગાગા’ સ્વરૂપે જ પ્રયોજાયેલા જોવા મળે છે. એ જ રીતે સરિયામ શબ્દ ‘લલગાલ’ સ્વરૂપનો હોવા છતાં ‘ગાગાલ’ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

પ્રસ્તુત ઉદાહરણમાં ‘દુનિયા’ શબ્દ ‘ગાગા’ સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

(૮)

દુભવવું એ દુનિયાનો ક્રમ થઈ ગયો છે,
તડપવું એ દિલનો નિયમ થઈ ગયો છે.
- અમૃત ‘ઘાયલ’
(‘આઠોં જામ ખુમારી’, પૃષ્ઠ ક્રમાંક ૨૭૫)
રદીફ : થઈ ગયો છે
કાફિયા : ક્રમ – નિયમ
કાફિયા-વ્યવસ્થા : અકાર+મ
છંદ : લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા

ગણવિભાજન

લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા
દુ	ભવ	વું	એ	દુનિ	યા	નો	ક્રમ	થઈ	ગ	યો	છે
ત	ડપ	વું	એ	દિલ	નો	નિ	યમ	થઈ	ગ	યો	છે

એકાક્ષરી શબ્દ ‘એ’ અને પ્રત્યય ‘નો’ ‘ગા’ સ્વરૂપના હોવા છતાં ‘લ’ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

(૭)

'ગાગા' સ્વરૂપના 'કોઈ' શબ્દને ગાગા ઉપરાંત ગાલ, લગા અને લલ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે તથા કો' સ્વરૂપે લખીને ગા અથવા લ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

પ્રસ્તુત ઉદાહરણમાં 'કોઈ' શબ્દ કો' સ્વરૂપે લખીને 'ગા'ને બદલે 'લ' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

(૯)
કંઈ એમ ભડકે ઉમંગો બળે છે,
કો' સિન્ધુમાં જાણે તરંગો બળે છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૨૭૧)
રદીફ : બળે છે
કાફિયા : ઉમંગો – તરંગો
કાફિયા-વ્યવસ્થા : અંકાર+ગો
છંદ : લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા

ગણવિભાજન

લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા
કં	ઈ	એ	મ	ભડ	કે	ઉ	મં	ગો	બ	ળે	છે
કો'	સિન્	ધુ	માં	જા	ણે	ત	રં	ગો	બ	ળે	છે

'ગાલ' સ્વરૂપના 'સિન્ધુ' શબ્દમાં છેલ્લા લઘુ 'ધુ'ને છૂટ લઈને ગુરુ તરીકે પ્રયોજવામાં આવ્યો છે તથા 'ગા' સ્વરૂપના પ્રત્યય 'માં'ને છૂટ લઈને 'લ' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

(૮)

'ગાગા' સ્વરૂપના દોસ્તો, દોસ્તી, દાસ્તાં, વાસ્તો, વાર્તા વગેરે જેવા અમુક શબ્દોને છૂટ લઈને દોસતો, દોસતી, દાસતાં, વાસતો, વારતા ઉચ્ચાર સાથે 'ગાલગા' સ્વરૂપે પણ પ્રયોજી શકાય.

પ્રસ્તુત ઉદાહરણમાં 'ગાગા' સ્વરૂપના 'દોસ્તો' શબ્દને 'દોસતો' ઉચ્ચાર સાથે 'ગાલગા' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

(૧૦)
દોસ્તો આ કાવ્યો રચવાની કલા,
એટલે મથવાની મચવાની કલા.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૭૩૩)
રદીફ : ની કલા
કાફિયા : રચવા – મચવા
કાફિયા-વ્યવસ્થા : અકાર+ચવા
છંદ : ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
દો	સ	તો	આ	કા	વ્યો	રચ	વા	ની	ક	લા
એ	ટ	લે	મથ	વા	ની	મચ	વા	ની	ક	લા

મોટેભાગના અંત્ય ગુરુવાળા શબ્દોની માફક 'કાવ્યો' શબ્દમાં પણ અંત્ય ગુરુને લઘુ ગણવાની છૂટ લઈ શકાય તથા 'ગા' સ્વરૂપના પ્રત્યય 'ની'ને પણ લઘુ ગણવાની છૂટ લઈ શકાય છે કે જે આપણે ઉપર જોઈ જ ગયા છે.

(૯)

'ગાલ' સ્વરૂપના શબ્દો 'ફક્ત' અને 'શબ્દ'ને અનુક્રમે 'ફકત્' અને 'શબદ્' ઉચ્ચાર સાથે 'લગા' સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

પ્રસ્તુત ઉદાહરણમાં 'શબ્દ' શબ્દ 'લગા' અને 'ગાલ' બંને સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

(૧૧)
શબદનો છું બંદો, ફિદા શબ્દ પર છું,
છું ગુમરાહ કિંતુ સ્વયં રાહબર છું.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૬૧૬)
રદીફ : છું
કાફિયા : પર – રાહબર
કાફિયા-વ્યવસ્થા : અકાર+ર
છંદ : લગાંગા લગાંગા લગાંગા લગાંગા

ગણવિભાજન

લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા
શ	બદ	નો	છું	બં	દો	ફિ	દા	શબ્	દ	પર	છું
છું	ગુમ	રા	હ	કિં	તુ	સ્વ	યં	રા	હ	બર	છું.

'ગાલ' સ્વરૂપના 'કિન્તુ' શબ્દમાં છેલ્લા લઘુ 'તુ'ને છૂટ લઈને ગુરુ તરીકે પ્રયોજવામાં આવ્યો છે તથા 'ગા' સ્વરૂપના એકાક્ષરી શબ્દ 'છું'ને છૂટ લઈને 'લ' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

(૧૦)

'લલ' સ્વરૂપના 'સહુ' અને 'બહુ' શબ્દોને છૂટ લઈને 'લગા' ઉપરાંત 'ગા' સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

પ્રસ્તુત ઉદાહરણમાં 'સહુ' શબ્દને 'ગા' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

(૧૨)
સહુ પ્રથમ શું થાય છે એ જોઈએ,
રોદણાં આગોતરાં ના રોઈએ.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૭૪૫)
રદીફ : *
કાફિયા : જોઈએ - રોઈએ
કાફિયા-વ્યવસ્થા : ઓકાર+ઈએ
છંદ : ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
સહુ	પ્ર	થમ	શું	થા	ય	છે	એ	જો	ઈ	એ
રો	દ	ણાં	આ	ગો	ત	રાં	ના	રો	ઈ	એ

'ગાગાગા' સ્વરૂપના 'જોઈએ' શબ્દને છૂટ લઈને 'ગાલગા' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

(૧૧)

ભાર દર્શાવવા માટે 'જ'નો પ્રયોગ કરવામાં આવે ત્યારે 'જ' પહેલાંના શબ્દનો અંત્યાક્ષર ગુરુ હોય તો 'જ' સ્વતંત્ર લઘુ જ રહે છે અને 'જ' પહેલાંના શબ્દનું મૂળ લગાત્મક સ્વરૂપ એનું એ જ રહે છે. પરંતુ 'જ' પહેલાંના શબ્દનો અંત્યાક્ષર લઘુ હોય તો 'જ' એ લઘુ સાથે સંયુક્ત રીતે ઉચ્ચારાતાં એ બંને મળીને એક ગુરુ થઈ જશે અને 'જ' પહેલાંના શબ્દનું મૂળ લગાત્મક સ્વરૂપ બદલાઈ જશે.

એક = ગાલ, એક જ = એ+કજ = ગાગા.

વાતો = ગાગા, વાતો જ = ગાગાલ.

ચર્ચા = ગાગા, ચર્ચા જ = ગાગાલ.

વાત = ગાલ, વાત જ = વા+તજ = ગાગા.

તિમિર = તિ+મિર = લગા, તિમિર જ = તિ+મિ+રજ = લલગા.

પડતર = પડ+તર = ગાગા, પડતર જ = પડ+ત+રજ = ગાલગા.

એમ = ગાલ, એમ જ = ગાગા.

ગઝલ = ગ+ઝલ = લગા, ગઝલ જ = ગઝ+લજ = લલગા.

(અહીં ગઝ+લજ = ગાગા કરી શકાય નહીં.)

પ્રસ્તુત ઉદાહરણમાં 'એમ જ'ને 'ગાગા' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યા છે.
એમ જ = એ+મજ = ગાગા

(૧૩)
કતલ કર અને કૈં ખબર પણ પડે ના,
તને આવડે તે મને આવડે ના.
પહોંચી હશે મોભને ઠેસ કોઈ,
દીવાલોમાં <u>એમ જ</u> તિરાડો પડે ના.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૯૫)
રદીફ : ના
કાફિયા : <u>પ</u>ડે – આ<u>વ</u>ડે
કાફિયા-વ્યવસ્થા : અકાર+ડે
છંદ : લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા

ગણવિભાજન

લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા
ક	તલ	કર	અ	ને	કૈં	ખ	બર	પણ	પ	ડે	ના
ત	ને	આ	વ	ડે	તે	મ	ને	આ	વ	ડે	ના
પ	હોં	ચી	હ	શે	મો	ભ	ને	ઠે	સ	કો	ઈ
<u>દી</u>	વા	લો	<u>માં</u>	<u>એ</u>	<u>મજ</u>	તિ	રા	ડો	પ	ડે	ના

દીવાલો = 'ગાગાગા'ને બદલે 'લગાગા' ('દી'નો લઘુ ઉચ્ચાર કર્ણકટુ લાગતો ન હોવાથી)
માં = 'ગા'ને બદલે 'લ'

(૧૨)

જો કોઈ અકારાંત શબ્દ પછીના શબ્દમાં પહેલો અક્ષર સ્વર હોય તો જરૂર મુજબ એ બંને શબ્દોને સંયુક્ત રીતે ઉચ્ચારવાથી જે લાગત્મક માપ મળે એ લઈ શકાય છે.

નજર+આવે = નજરાવે
નજર આવે = લગા ગાગા, નજરાવે = લલગાગા.
(ધ્યાન રહે 'નજરાવે'માં 'નજ=ગા' કરીને 'નજરાવે'ને 'ગાગાગા' સ્વરૂપે પ્રયોજી શકાય નહીં.)

નીંદ+એ = નીંદે
નીંદ એ = ગાલ ગા, નીંદે = ગાગા.

પ્રસ્તુત ઉદાહરણમાં 'નીંદ એ'ને ઉપર મુજબ 'ગાલગા'ને બદલે 'ગાગા' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યા છે.

(૧૪)
ઉઠી જાય નીંદ એ વિચારો ખપે ના,
અજંપો અને આ મુંજારો ખપે ના.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૮૧૩)
રદીફ : ખપે ના
કાફિયા : વિચારો - મુંજારો
કાફિયા-વ્યવસ્થા : આકાર+રો
છંદ : લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા

ગણવિભાજન

લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા
ઉ	ઠી	જા	ય	નીં	દે (દ+એ)	વિ	ચા	રો	ખ	પે	ના
અ	જં	પો	અ	ને	આ	મું	જા	રો	ખ	પે	ના

(૧૩)

હ્રસ્વ 'ઇ' કે 'ઉ' સ્વર અથવા એ બે સ્વરયુક્ત વ્યંજનોનો દીર્ઘ ઉચ્ચાર કર્ણકટુ ન લાગતો હોય તો એ લઘુઅક્ષરોને ગુરુ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે તથા દીર્ઘ 'ઈ' કે 'ઊ' સ્વર અથવા એ બે સ્વરયુક્ત વ્યંજનોનો હ્રસ્વ ઉચ્ચાર કર્ણકટુ ન લાગતો હોય તો એ ગુરુઅક્ષરોને લઘુ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે. અહીં એ ધ્યાન રહે કે આ પ્રકારની છૂટ જે તે અક્ષરનું ઉચ્ચારણ કર્ણકટુ ન લાગતું હોય તો જ લઈ શકાય છે, અન્યથા આવી છૂટ લઈ શકાય નહીં.

(૧૫)
કદી છે રુદન તો કદી છે ખુશાલી,
અમારા જીવનની છે વાતો નિરાલી.
પરિણામ જેનું ફક્ત પાયમાલી,
બળી એવી દુનિયાની જાહોજલાલી
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૧૨)
રદીફ : *
કાફિયા : ખુશાલી – નિરાલી – પાયમાલી – જાહોજલાલી
કાફિયા-વ્યવસ્થા : આકાર+લી
છંદ : લગાંગા લગાંગા લગાંગા લગાંગા

ગણવિભાજન

લ	ગાં	ગા	લ	ગાં	ગા	લ	ગાં	ગા	લ	ગાં	ગા
ક	દી	છે	રુ	દન	તો	ક	દી	છે	ખુ	શા	લી
અ	મા	રા	જી	વન	ની	છે	વા	તો	નિ	રા	લી
પ	રિ	ણા	મ	જે	નું	ફ	કત	પા	ય	મા	લી
બ	ળી	એ	વી	દુનિ	યા	ની	જા	હો	જ	લા	લી

'ગાગા' સ્વરૂપના 'જીવન' શબ્દમાં 'જી'નો હ્રસ્વ ઉચ્ચાર અને 'લલગાલ' સ્વરૂપના 'પરિણામ' શબ્દમાં 'રિ'નો દીર્ઘ ઉચ્ચાર કર્ણકટુ લગતા ન હોવાથી જ એ બંને શબ્દો અનુક્રમે 'લગા' અને 'લગાગાલ' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યા છે.

છે, ની = 'ગા'ને બદલે 'લ'.   દુનિયા = ગાગા.   એવી = 'ગાગા'ને બદલે 'ગાલ'

(૧૬)
ક્યાં હવે શંકા કુશંકાનો પ્રદેશ,
છે હવે કેવળ અજંપાનો પ્રદેશ.
અધખૂલી આંખોમાં તડકો સ્વપ્નનો,
એટલે આકાશગંગાનો પ્રદેશ.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૨૬)
રદીફ : નો પ્રદેશ
કાફિયા : કુશંકા – અજંપા – આકાશગંગા
કાફિયા-વ્યવસ્થા : આકારાંત
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અંકાર+આકાર
છંદ : ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
ક્યાં	હ	વે	શં	કા	કુ	શં	કા	નો	પ્ર	દેશ્
છે	હ	વે	કે	વળ	અ	જં	પા	નો	પ્ર	દેશ્
અધ	ખૂ	લી	આં	ખો	માં	તડ	કો	સ્વપ્	ન	નો
એ	ટ	લે	આ	કા	શ	ગં	ગા	નો	પ્ર	દેશ્

'ગાગાગા' સ્વરૂપના 'અધખૂલી' શબ્દમાં 'ખૂ'નો હ્રસ્વ ઉચ્ચાર કર્ણકટુ લગતો ન હોવાથી જ એ શબ્દ 'ગાલગા' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

માં = 'ગા'ને બદલે 'લ'

પંક્તિને અંતે આવતો 'ગાલ' સ્વરૂપનો શબ્દ 'દેશ' 'ગા' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે. જુઓ સમજુતી ક્રમાંક ૧૪.

(૧૪)

ગઝલના છંદોમાં અંત્યાક્ષર ગુરૂ જ હોય છે. ગઝલમાં પંક્તિમાં અંતે લઘુ આવતો હોય તો એનું અલગ કોઈ જ અસ્તિત્વ નથી પરંતુ એ અંત્ય લઘુને હલન્ત ઉચ્ચાર સાથે, એ પહેલાના છેલ્લા ગુરૂમાં જ ગણી લેવામાં આવે છે. આ વાત સમજવા માટે બે ગઝલના મતલા અને એક શેર પ્રસ્તુત છે.

(૧૭)
છે અલકલટના વિચારો, શું કરું,
સર્પનો માથે છે ભારો, શું કરું.
જેમને શત્રુઓ પણ કીધા ન <u>જાય</u>,
મિત્ર એવા છે હજારો, શું કરું.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૧૧)
રદીફ : શું કરું
કાફિયા : વિ<u>ચા</u>રો – <u>ભા</u>રો – હ<u>જા</u>રો
કાફિયા-વ્યવસ્થા : આકાર+રો
છંદ : ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
છે	અ	લક	લટ	ના	વિ	ચા	રો	શું	ક	રું
સર્	પ	નો	મા	થે	<u>છે</u>	ભા	રો	શું	ક	રું
જે	મ	ને	શત્	<u>રુ</u>	<u>ઓ</u>	પણ	કી	ધા	ન	<u>જાય્</u>
મિત્	ર	એ	વા	છે	હ	જા	રો	શું	ક	રું

'ગાલ' સ્વરૂપનો શબ્દ 'જાય' પંક્તિને અંતે હોવાથી એના અંત્ય લઘુ 'ય'નું અલગ અસ્તિત્વ નથી. તેથી પંક્તિને અંતે આવતા અંત્ય લઘુ 'ય'ને એના પહેલાના 'જા' સાથે સંયુક્ત રીતે ઉચ્ચારીને 'જાય' શબ્દને 'જાય્' ઉચ્ચાર સાથે 'ગા' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

(૧૮)
આવતા જન્મે ય આ અવતાર હોય,
આપણા માથે બીજાનો ભાર હોય.
હોય શબ્દોમાં જ એ કોણે કહ્યું,
આંખમાં પણ વાતનો અણસાર હોય.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૨૯)
રદીફ : હોય
કાફિયા : અવતાર – ભાર – અણસાર
કાફિયા-વ્યવસ્થા : આકાર+ર
છંદ : ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
આ	વ	તા	જન્	મે	ય	આ	અવ	તા	ર	હોય્
આ	પ	ણા	મા	થે	બી	જા	નો	ભા	ર	હોય્
હો	ય	શબ્	દો	માં	જ	એ	કો	ણે	ક	હ્યું
આં	ખ	માં	પણ	વા	ત	નો	અણ	સા	ર	હોય્

'ગાલ' સ્વરૂપનો શબ્દ 'હોય' પંક્તિને અંતે હોવાથી એના અંત્ય લઘુ 'ય'નું અલગ અસ્તિત્વ નથી. તેથી પંક્તિને અંતે આવતા અંત્ય લઘુ 'ય'ને એના પહેલાના 'હો' સાથે સંયુક્ત રીતે ઉચ્ચારીને 'હોય' શબ્દને 'હોય્' ઉચ્ચાર સાથે 'ગા' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે. અહીં 'હોય' રદીફ હોવા છતાં રદીફના પ્રયોગ સિવાયની પંક્તિઓમાં અંત્ય લઘુ નિભાવવો જરૂરી નથી એ પણ ઉપરોક્ત ઉદાહરણથી સમજી શકાય છે.

ઉદાહરણ ક્રમાંક ૧૬માં પણ આ વાત સમજી શકાય છે કે જેમાં રદીફ 'નો પ્રદેશ' છે.

(૧૫)

<u>મુખ્ય અને ગૌણ પદ્યભાર</u> :-

આખા પુસ્તકમાં, ગઝલના છંદોમાં ઉપર ટપકું મુખ્ય પદ્યભાર અને નીચે ટપકું ગૌણ પદ્યભાર દર્શાવે છે. ગઝલના છંદોમાં સંયુક્ત ઉચ્ચારવાળા 'લલ્' સ્વરૂપના બે લઘુઅક્ષરો કે જેને આપણે 'ગા' જ કહીએ છીએ, એનો પ્રયોગ કોઈપણ છંદના કોઈપણ ગુરુના સ્થાન પર કરી શકાય છે પરંતુ સ્પષ્ટ ઉચ્ચારવાળા 'લલ' સ્વરૂપના બે લઘુઅક્ષરોનો પ્રયોગ છંદના છેલ્લા ગુરુ સિવાયના તથા મુખ્ય અને ગૌણ પદ્યભાર સિવાયના ગુરુ પર જ કરી શકાય છે. પરંતુ બેથી વધુ સ્પષ્ટ લઘુ એકસાથે આવવા ન જોઈએ કારણ કે ગઝલના છંદોમાં બેથી વધુ સ્પષ્ટ લઘુ એકસાથે લેવામાં આવતા નથી. ગુરુના સ્થાન પર 'લલ' સ્વરૂપનો પ્રયોગ ફક્ત ગુરુઅક્ષરવાળા છંદો પુરતો જ માર્યાદિત રાખવો હિતાવહ છે.

મુખ્ય અને ગૌણ પદ્યભારનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરવા માટે મારા સંશોધનાત્મક લેખ "સંગીતના તાલના આધારે ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિના પદ્યભાર"નો અભ્યાસ કરવો રહ્યો.

ઉપરોક્ત બાબતને શાસ્ત્રોક્ત નિયમ વગર સરળ ભાષામાં ફરીથી પ્રસ્તુત કરું છું.

<u>ગઝલના છંદોમાં સંયુક્ત ઉચ્ચારવાળા 'લલ્' સ્વરૂપના બે લઘુઅક્ષરો કે જેનું સ્વરૂપ ગઝલમાં 'ગા' ગણાતું હોવાથી એનો પ્રયોગ કોઈપણ છંદના કોઈપણ ગુરુના સ્થાન પર કરી શકાય છે જ્યારે સ્પષ્ટ ઉચ્ચારવાળા 'લલ' સ્વરૂપના બે લઘુઅક્ષરોનો પ્રયોગ ફક્ત ગુઅક્ષરોના પ્રયોગવાળા છંદના છેલ્લા ગુરુઅક્ષર સિવાયના એકી સંખ્યાના (પહેલા, ત્રીજા, પાંચમા.....) ગુરુઅક્ષર પર અથવા બેકી સંખ્યાના (બીજા, ચોથા, છઠ્ઠા.....) ગુરુઅક્ષર પર જ કરી શકાય છે. ફક્ત ગુરુઅક્ષરોના પ્રયોગવાળા છંદોમાં આ બે પૈકી કોઈપણ એક વ્યવસ્થા આખી ગઝલમાં જાળવવાની રહેશે.</u>

<u>ગઝલ લખવા માટે મુખ્ય અને ગૌણ પદ્યભાર યાદ રાખવા જરૂરી નથી.</u> <u>ફક્ત એટલું જ યાદ રાખવું કે 'ગા'ના સ્થાન પર 'લલ'નો પ્રયોગ ફક્ત ગુરુઅક્ષરવાળા છંદો પુરતો જ ઉપર દર્શાવ્યા મુજબ માર્યાદિત રાખવો.</u>

અહીં ફક્ત ગુરુઅક્ષરોના પ્રયોગવાળા છંદમાં એક ગઝલ ગણવિભાજન સહિત પ્રસ્તુત છે.

પ્રેમ અને અનુરાગની દુનિયા,
એટલે પુષ્પ પરાગની દુનિયા.

રંગની દુનિયા, રાગની દુનિયા,
મારી દુનિયા બાગની દુનિયા.

કેવી મજાની આશ ફળી છે!
જાણે ફૂલ્યા ફાગની દુનિયા.

સ્નેહીજનો, સૌ આવો લૂંટો!
લાવ્યો છું સોહાગની દુનિયા.

કેમ જવાનીમાં ન છકું હું?
માંડ મળી છે છાગની દુનિયા.

મારા મદિરાજામના સોગન,
લઈને ભમું છું આગની દુનિયા.

મુજને મુબારક મારી સિદ્ધિ,
ના જોઈએ ત્યાગની દુનિયા.

હંસ અહીંથી ઊડી જાએ!
આ છે કપટી કાગની દુનિયા.

ત્યાં થઈને આવું છું 'ઘાયલ',
જોઈ હવે વૈરાગની દુનિયા.

- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૦૫)
રદીફ : ની દુનિયા
કાફિયા : અનુરાગ, પરાગ, રાગ, બાગ, ફાગ, સોહાગ, છાગ, આગ, ત્યાગ, કાગ, વૈરાગ.
કાફિયા-વ્યવસ્થા : આકાર+ગ
છંદ : ગાંગાગ઼ાગા ગાંગાગ઼ાગા

હવે ઉપરોક્ત ગઝલનું ગણવિભાજન પ્રસ્તુત છે. ગણવિભાજનમાં સ્પષ્ટ ઉચ્ચારવાળા (લલ સ્વરૂપના) બે લઘુઅક્ષરોના પ્રયોગને અલગ-અલગ લીટીમાં દર્શાવ્યા છે તથા અન્ય છૂટને રેખાંકિત કરીને દર્શાવી છે. આ ગણવિભાજનમાં જોઈ શકાશે કે સ્પષ્ટ ઉચ્ચારવાળા (લલ સ્વરૂપના) બે લઘુઅક્ષરોનો પ્રયોગ આખી ગઝલમાં છેલ્લ ગુરુ સિવાયના બેકી સંખ્યાવાળા એટલે કે બીજા, ચોથા અને છઠ્ઠા ગુરુ પર જ કરવામાં આવ્યો છે. કારણ કે અહીં એકી સંખ્યાવાળા એટલે કે પહેલા, ત્રીજા, પંચમા અને સાતમા ગુરુ પર મુખ્ય અથવા ગૌણ પદ્યભાર સ્થિત છે.

ગાં	ગા	ગ઼ા	ગા	ગાં	ગા	ગ઼ા	ગા
૧	૨	૩	૪	૫	૬	૭	૮
પ્રે	મ અ	ને	અ નુ	રા	ગ ની	દુનિ	યા
એ	ટ લે	પુષ્	પ પ	રા	ગ ની	દુનિ	યા
રં	ગ ની	દુનિ	યા	રા	ગ ની	દુનિ	યા
મા	રી	દુનિ	યા	બા	ગ ની	દુનિ	યા
કે	વી મ	જા	ની	આ	શ ફ	ળી	છે
જા	ણે	ફૂ	લ્યા	ફા	ગ ની	દુનિ	યા
સ્ને	હી જ	નો	સૌ	આ	વો	લૂં	ટો
લા	વ્યો	છું	સો	હા	ગ ની	દુનિ	યા
કે	મ જ	વા	ની	માં	ન છ	કું	હું
માં	ડ મ	ળી	છે	છા	ગ ની	દુનિ	યા

મા	રા મ	દિ	રા	જા	મ ના	સો	ગન
લઈ	ને ભ	મું	છું	આ	ગ ની	દુનિ	યા
મુજ	ને મુ	બા	રક	મા	રી	સિદ્	ધિ
ના	જો	ઈ	એ	ત્યા	ગ ની	દુનિ	યા
હું	સ અ	હીં	થી	ઊ	ડી	જા	એ
આ	છે	કપ	ટી	કા	ગ ની	દુનિ	યા
ત્યાં	થઈ	ને	આ	વું	છું	ધા	યલ
જો	ઈ હ	વે	વૈ	રા	ગ ની	દુનિ	યા

એક વિશેષ કારણસર મને 'ગાંગાગ઼ાગા' સંધિના આવર્તિત સ્વરૂપના છંદ ખૂબ જ પસંદ છે. આ માટે એક બીજું ઉદાહરણ પ્રસ્તુત છે.

ટીહુ ટીહુ ટહુકે કોયલ,
અંતર ઝૂરે એકલદોકલ.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૨૮)
રદીફ : *
કાફિયા : કોયલ – એકલદોકલ
કાફિયા-વ્યવસ્થા : અકાર+લ
છંદ : ગાંગાગ઼ાગા ગાંગાગ઼ાગા
ગણવિભાજન

ગાં	ગા	ગ઼ા	ગા	ગાં	ગા	ગ઼ા	ગા
ટી	હુ	ટી	હુ	ટૌ	કે	કો	યલ
અં	તર	ઝૂ	રે	એ	કલ	દો	કલ

ઉપરોક્ત મતલાની બંને પંક્તિને ગઝલના રદીફ-કાફિયા નક્કી કર્યા પહેલાં કેટલી રીતે રચી શકાય એ નીચે દર્શાવેલ કોષ્ટક પરથી સમજી શકાશે.

ટીહુ ટીહુ ટહુકે કોયલ	ટીહુ ટીહુ કોયલ ટહુકે કોયલ ટીહુ ટીહુ ટહુકે ટહુકે ટીહુ ટીહુ કોયલ કોયલ ટહુકે ટીહુ ટીહુ ટહુકે કોયલ ટીહુ ટીહુ
અંતર ઝૂરે એકલદોકલ	ઝૂરે અંતર એકલદોકલ અંતર એકલદોકલ ઝૂરે ઝૂરે એકલદોકલ અંતર એકલદોકલ અંતર ઝૂરે એકલદોકલ ઝૂરે અંતર

નવી કાફિયા-વ્યવસ્થા સાથે નવો મતલા પણ રચી શકાય.

ટીહુ ટીહુ કોયલ ટહુકે,
એકલદોકલ અંતર ઝૂરે.
રદીફ : *
કાફિયા : ટહુ<u>કે</u> – ઝૂ<u>રે</u>
કાફિયા-વ્યવસ્થા : એકારાંત
છંદ : ગાંગાગ઼ાગા ગાંગાગ઼ાગા

ફક્ત ગુરુઅક્ષરોવાળા છંદોની આ જ ખૂબી છે.

*****

(૪)
ગઝલના છંદ

ગઝલના છંદોની વાત આવે એટલે એક વિચાર એ પણ આવે કે ગઝલના છંદો કેટલાં હશે તથા એવું પણ થાય કે ગઝલના બધા જ છંદ આવી જતા હોય એવું પુસ્તક મારી પાસે હોય. પરંતુ સારી ગઝલ લખવા માટે એટલા બધા છંદોની જરૂર પણ નથી. સારી ગઝલ લખવા માટે આ પુસ્તકમાં પ્રસ્તુત છંદો જ પુરતા છે. ગઝલના મોટભાગના પ્રવાહી અને પ્રચલિત છંદોની જ અહીં ચર્ચા કરી છે. ગઝલના છંદોમાં કઈ સંધિઓનો પ્રયોગ થાય છે, એ સંધિઓમાંથી ગઝલના છંદ કેવી રીતે બને છે તથા એ છંદોની પ્રવાહિતા કઈ રીતે નક્કી કરી શકાય, એ શાસ્ત્રોક્ત વિષય છે અને અહીં આપણે શાસ્ત્રોક્ત ચર્ચા કરવાના નથી.

ગઝલના છંદશાસ્ત્રના વિસ્તૃત અને શાસ્ત્રોક્ત અભ્યાસ માટે મારા પુસ્તક 'ગઝલનું છંદશાસ્ત્ર'નો અભ્યાસ કરવો રહ્યો.

અહીં દરેક છંદના વિવરણમાં લય તરીકે જે તે છંદનું એક ફિલ્મી અથવા ગેરફિલ્મી ગીત-ગઝલનું ઉદાહરણ આપ્યું છે કે જેને ગુનગુનાવીને નવી રચના લખવાનું મારા મતાનુસાર વધુ અનુકૂળ રહેશે. એની ફક્ત પહેલી પંક્તિને જ ગુનગુનાવીને લખવાથી રચના છંદની નજીક આવી જશે, ગઝલ લખવા માટે એ આખું ગીત મોઢે કરવાની જરૂર નથી. ફક્ત એટલું જ ધ્યાન રાખવું કે કોઈ અક્ષર વધારે જલ્દીથી કે વધારે લંબાવીને ગાવો ન પડે. ત્યારબાદ આ પુસ્તકને અંતે આપેલ ગણવિભાજન માટેના પૃષ્ઠની પ્રિન્ટ કે ફોટોકોપી કઢાવીને એમાં તમારી ભૂલ તપાસીને એને સુધારી લ્યો. શરૂઆતમાં તકલીફ પડી શકે છે, પરંતુ પછીથી એ હસ્તગત થઈ જશે. બસ થોડી મહેનતની જ જરૂર છે. ગઝલના છંદોનો પ્રયોગ ગીત માટે પણ કરી શકાય છે.

વધુ ફિલ્મી અને ગેરફિલ્મી ગીતો-ગઝલના ઉદાહરણ માટે મારા લેખ 'ગઝલના કુલ ૩૦ છંદોમાં કુલ ૨૧૪ ફિલ્મી અને ગેરફિલ્મી ગીત-ગઝલના ઉદાહરણ'નો અભ્યાસ કરવો રહ્યો. આ ઉદાહરણોમાં પ્રસ્તુત બધી જ રચના આખેઆખી એક જ છંદમાં છે, ફક્ત પહેલી પંક્તિ અથવા સ્થાયી જ એ છંદમાં હોય એવું એક પણ ઉદાહરણ નથી.

દરેક છંદના ઉદાહરણના ગણવિભાજનમાં છૂટ લીધેલા અક્ષરોને રેખાંકિત કરીને દર્શાવ્યા છે તથા ગણવિભાજન બાદ એ છૂટ કઈ રીતે લેવામાં આવી છે એ પણ દર્શાવ્યું છે.

(૧)

લગાંગા લગાંગા લગાંગા લગાંગા

તર્ક-સંગત નામ : ૪લગાંગા
લય : યે મહલોં યે તખ્તોં યે તાજોં કી દુનિયા (મુહમ્મદ રફી)

ભરું છું, ભરી પ્યાલી ખાલી કરું છું;
ફરી પ્યાલી ખાલી, ફરીથી ભરું છું.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૮૧૮)

રદીફ : છું
કાફિયા : કરું - ભરું
કાફિયા-વ્યવસ્થા : અકાર+રું

ગણવિભાજન

લ	ગાં	ગા	લ	ગાં	ગા	લ	ગાં	ગા	લ	ગાં	ગા
ભ	રું	છું	ભ	રી	પ્યા	લી	ખા	લી	ક	રું	છું
ફ	રી	પ્યા	લી	ખા	લી	ફ	રી	થી	ભ	રું	છું

પ્યાલી = 'ગાગા'ને બદલે 'ગાલ'

(૨)

લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાં

તર્ક-સંગત નામ : ૪લગાંગ઼ા-ગા

લય : ન જી ભરકે દેખા ન કુછ બાત કી (ચંદનદાસ)

અજબ ચીજ ક્ષણ યાને પલ હોય છે,
મહેચ્છાનો હરપલ મહલ હોય છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૮૧૬)

રદીફ : હોય છે

કાફિયા : પલ – મહલ

કાફિયા-વ્યવસ્થા : અકાર+લ

ગણવિભાજન

લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં
અ	જબ	ચી	જ	ક્ષણ	યા	ને	પલ	હો	ય	છે
મ	હે	ચ્છા	નો	હર	પલ	મ	હલ	હો	ય	છે

ને, નો = 'ગા'ને બદલે 'લ'

(3)

ગ઼ાલગાં ગ઼ાલગાં ગ઼ાલગાં ગ઼ાલગાં

તર્ક-સંગત નામ : ૪ગ઼ાલગાં

લય : આપકો દેખ કર દેખતા રહ ગયા (જગજીત સિંઘ)

કોઈને હું ફક્ત પ્રેમ દેખાઉં છું;
કોઈને પ્રેમનો વ્હેમ દેખાઉં છું.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૧૦)

રદીફ : દેખાઉં છું

કાફિયા : પ્રેમ – વ્હેમ

કાફિયા-વ્યવસ્થા : એકાર+મ

ગણવિભાજન

ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	ગાં
કો	ઈ	ને	હું	ફ	કત	પ્રે	મ	દે	ખા	ઉં	છું
કો	ઈ	ને	પ્રે	મ	નો	વ્હે	મ	દે	ખા	ઉં	છું

કોઈ = 'ગાગા'ને બદલે 'ગાલ'

ફક્ત = 'ગાલ'ને બદલે 'લગા'

દેખાઉં = 'ગાગાગા'ને બદલે 'ગાગાલ'

(૪)

લગાંલગ઼ા લગાંલગ઼ા લગાંલગ઼ા લગાંલગ઼ા

તર્ક-સંગત નામ : ૪લગાંલગ઼ા

લય : ફઝાં ભી હૈ જવાં જવાં હવા ભી હૈ રવાં રવાં (સલમા આગા)

કદી ખુશી બની ગઈ કદીક ગમ બની ગઈ;
અદીઠ દ્રષ્ટિ આખરે જીવનનો ક્રમ બની ગઈ.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૩૦)

રદીફ : બની ગઈ

કાફિયા : ગમ - ક્રમ

કાફિયા-વ્યવસ્થા : અકાર+મ

ગણવિભાજન

લ	ગાં	લ	ગ઼ા	લ	ગાં	લ	ગ઼ા	લ	ગાં	લ	ગ઼ા	લ	ગાં	લ	ગ઼ા
ક	દી	ખુ	શી	બ	ની	ગ	ઈ	ક	દી	ક	ગમ	બ	ની	ગ	ઈ
અ	દી	ઠ	દ્રષ્	ટિ	આ	ખ	રે	જી	વન	નો	ક્રમ	બ	ની	ગ	ઈ

જીવન = 'ગાગા'ને બદલે 'લગા'

નો = 'ગા'ને બદલે 'લ'

(૫)

ગાંલગ઼ા લગાંલગ઼ા, ગાંલગ઼ા લગાંલગ઼ા

તર્ક-સંગત નામ : ૨(-લ+૨લગાંલગ઼ા)

લય : ઝૂમતી ચલી હવા, યાદ આ ગયા કોઈ (મુકેશ)

ધૂળમાં ભળી અને ધૂળધાણી થઈ ગયા
રંગ છે એ ફૂલને કે લહાણી થઈ ગયા
- અમૃત 'ઘાયલ'
(આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૪૯)

રદીફ : થઈ ગયા

કાફિયા : ધૂળધાણી – લહાણી

કાફિયા-વ્યવસ્થા : આકાર+ણી

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	લ	ગાં	લ	ગ઼ા	ગાં	લ	ગ઼ા	લ	ગાં	લ	ગ઼ા
ધૂ	ળ	માં	ભ	ળી	અ	ને	ધૂ	ળ	ધા	ણી	થઈ	ગ	યા
રં	ગ	છે	એ	ફૂ	લ	ને	કે	લ	હા	ણી	થઈ	ગ	યા

ધૂળધાણી = 'ગાલગાગા'ને બદલે 'ગાલગાલ'

થઈ = 'લગા'ને બદલે 'ગા'

એ = 'ગા'ને બદલે 'લ'

લહાણી = 'લગાગા'ને બદલે 'લગાલ'

(૬)

ગાગાં લલ઼ગાગાં લલ઼ગાગાં લલ઼ગાગાં

તર્ક-સંગત નામ : -લલ+૪લલ઼ગાગાં

લય : બીતે હુએ લમ્હોં કી કસક સાથ તો હોગી (મહેન્દ્ર કપૂર)

ના જેણે ઉગરવું હો એને કોણ ઉગારે,
વમળોથી બચાવો તો ડૂબે જઈ એ કિનારે
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૫૧)

રદીફ : *
કાફિયા : ઉ<u>ગા</u>રે – કિ<u>ના</u>રે
કાફિયા-વ્યવસ્થા : આકાર+રે

ગણવિભાજન

ગા	ગાં	લ	લ઼	ગા	ગાં	લ	લ઼	ગા	ગાં	લ	લ઼	ગા	ગાં
ના	જે	<u>ણે</u>	ઉ	ગર	વું	<u>હો</u>	<u>એ</u>	ને	કો	ણ	ઉ	ગા	રે
વમ	ળો	<u>થી</u>	બ	ચા	વો	<u>તો</u>	<u>ડૂ</u>	બે	<u>જઈ</u>	<u>એ</u>	કિ	ના	રે

જેણે = 'ગાગા'ને બદલે 'ગાલ'
હો, થી, તો, એ = 'ગા'ને બદલે 'લ'
એને = 'ગાગા'ને બદલે 'લગા' (મારા સિવાયના અન્ય ગઝલકારો આ છૂટને દોષ ગણી શકે છે.)
ડૂબે = 'ગાગા'ને બદલે 'લગા'
જઈ = 'લગા'ને બદલે 'ગા'

(૭)

લગ઼ાગાગાં લગ઼ાગાગાં લગ઼ાગાગાં લગ઼ાગાગાં

તર્ક-સંગત નામ : ૪લગ઼ાગાગાં

લય : તેરી દુનિયા મેં જીને સે તો બેહતર હૈ કિ મર જાએં (હેમંતકુમાર)

નિવેદન દિલનું નજરોથી નિવેદિત થઈ નથી શકતું,
બધે રડતો ફરું છું દુઃખ પ્રદર્શિત થઈ નથી શકતું.
- અમૃત ‘ઘાયલ’
(‘આઠોં જામ ખુમારી’, પૃષ્ઠ ક્રમાંક ૧૮૮)

રદીફ : થઈ નથી શકતું

કાફિયા : નિવેદિત – પ્રદર્શિત

કાફિયા-વ્યવસ્થા : ઇકાર+ત

ગણવિભાજન

લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં
નિ	વે	દન	દિલ	નું	નજ	રો	થી	નિ	વે	દિત	થઈ	ન	થી	શક	તું
બ	ધે	રડ	તો	ફ	રું	છું	દુઃખ	પ્ર	દર્	શિત	થઈ	ન	થી	શક	તું

નું = ‘ગા’ને બદલે ‘લ’

થઈ = ‘લગા’ને બદલે ‘ગા’

દુઃખ = ‘ગાલ’ને બદલે ‘ગા’

(૮)

લગ઼ાગાગાં લગ઼ાગાગાં લગ઼ાગા

તર્ક-સંગત નામ : ૩લગ઼ાગાગાં-ગા

લય : ઉધર સે તુમ ચલે ઔર હમ ઇધર સે (મુહમ્મદ રફી અને લતા મંગેશ્કર)

જુદાઈની ઘડી પણ શું ઘડી છે?
ઘડી એકેક સંવત જેવડી છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૪૮)

રદીફ : છે

કાફિયા : <u>ઘ</u>ડી – જે<u>વ</u>ડી

કાફિયા-વ્યવસ્થા : અકાર+ડી

ગણવિભાજન

લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા
જુ	દા	ઈ	ની	ઘ	ડી	પણ	શું	ઘ	ડી	છે
ઘ	ડી	એ	કે	ક	સં	વત	જે	વ	ડી	છે

કોઈ જ છૂટ લેવામાં આવી નથી.

(૯)

ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

તર્ક-સંગત નામ : ૪ગાંલગ઼ાગા-ગા

લય : હોશવાલોં કો ખબર ક્યા બેખુદી ક્યા ચીઝ હૈ (જગજીત સિંઘ)

શબ્દ લૌકિક હોય છે, અર્થો અલૌકિક હોય છે,
પ્રેમની ભાષા હંમેશા પારિભાષિક હોય છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૧૪)

રદીફ : હોય છે

કાફિયા : અલૌકિક – પારિભાષિક

કાફિયા-વ્યવસ્થા : ઇકાર+ક

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
શબ્	દ	લૌ	કિક	હો	ય	છે	અર્	થો	અ	લૌ	કિક	હો	ય	છે
પ્રે	મ	ની	ભા	ષા	હં	મે	શા	પા	રિ	ભા	ષિક	હો	ય	છે

'હંમેશા' શબ્દમાં 'હં'નું અનુસ્વાર અનુનાસિક હોવાથી એનું માપ 'લગાગા' થાય છે. આમ અહીં કોઈ જ છૂટ લેવામાં આવી નથી.

(૧૦)

ગાંલગ઼ાગા ગાંલગ઼ાગા ગાંલગ઼ા

તર્ક-સંગત નામ : ૩ગાંલગ઼ાગા-ગા

લય : દિલ કે અરમાં આંસૂઓં મેં બહ ગએ (સલમા આગા)

જીવ જે આંખોમાં પ્રોતાં હોય છે,
બિન પીએ એ હોશ ખોતાં હોય છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૩૩)

રદીફ : હોય છે

કાફિયા : <u>પ્રો</u>તાં – <u>ખો</u>તાં

કાફિયા-વ્યવસ્થા : ઓકાર+તાં

ગણવિભાજન

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
જી	વ	જે	આં	ખો	<u>માં</u>	પ્રો	તાં	હો	ય	છે
બિન	<u>પી</u>	એ	એ	હો	શ	ખો	તાં	હો	ય	છે

માં = 'ગા'ને બદલે 'લ'

પી = 'ગા'ને બદલે 'લ'

(૧૧)

ગાગાંલગ઼ા ગાગાંલગ઼ા ગાગાંલગ઼ા ગાગાંલગ઼ા

તર્ક-સંગત નામ : ૪ગાગાંલગ઼ા

લય : ઐ દિલ મુઝે ઐસી જગહ લે ચલ જહાં કોઈ ન હો (તલત મહમૂદ)

ઇન્સાનને ઇન્સાનથી બજવી રહી આ જિંદગી;
ઇન્સાનિયતને આજ શી લજવી રહી આ જિંદગી.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૬૨૩)

રદીફ : રહી આ જિંદગી

કાફિયા : <u>બ</u>જવી - <u>લ</u>જવી

કાફિયા-વ્યવસ્થા : અકાર+જવી

ગણવિભાજન

ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
ઇન્	સા	ન	ને	ઇન્	સા	ન	થી	બજ	વી	ર	હી	આ	જિં	દ	ગી
ઇન્	સા	નિ	યત	ને	આ	જ	શી	લજ	વી	ર	હી	આ	જિં	દ	ગી

કોઈ જ છૂટ લેવામાં આવી નથી.

(૧૨)

લલગાંલગ઼ા લલગાંલગ઼ા લલગાંલગ઼ા લલગાંલગ઼ા

તર્ક-સંગત નામ : ૪લલગાંલગ઼ા

લય : યે હવા યે રાત યે ચાંદની તેરી ઇક અદા પે નિસાર હૈ (તલત મહમૂદ)

તને કોણે કીધું હું રંક છું નથી રંક રાયનો રાય છું;
મને તોળ સત્યને છાબડે કે હું સત્યલોકનો ન્યાય છું.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૦૯)

રદીફ : છું

કાફિયા : રાય - ન્યાય

કાફિયા-વ્યવસ્થા : આકાર+ય

ગણવિભાજન

લ	લ	ગાં	લ	ગ઼ા	લ	લ	ગાં	લ	ગ઼ા	લ	લ	ગાં	લ	ગ઼ા	લ	લ	ગાં	લ	ગ઼ા
ત	ને	કો	ણે	કી	ધું	હું	રં	ક	છું	ન	થી	રં	ક	રા	ય	નો	રા	ય	છું
મ	ને	તો	ળ	સત્	ય	ને	છા	બ	ડે	કે	હું	સત્	ય	લો	ક	નો	ન્યા	ય	છું

તને, મને, નથી = 'લગા'ને બદલે 'લલ'

કોણે = 'ગાગા'ને બદલે 'ગાલ'

હું, કે = 'ગા'ને બદલે 'લ'

કીધું = 'ગાગા'ને બદલે 'ગાલ'

નો, ને = 'ગા'ને બદલે 'લ'

(૧૩)

લંગાલગ઼ાગા લંગાલગ઼ાગા લંગાલગ઼ાગા લંગાલગ઼ાગા

તર્ક-સંગત નામ : ૪લંગાલગ઼ાગા

લય : મેરી મુહબ્બત જવાં રહેગી સદા રહી હૈ સદા રહેગી (મુહમ્મદ રફી)

કહું હું શું કે મને મળ્યું શું હસી ખુશીમાં અમન ચમનમાં;
મળ્યું છે જે કંઈ જોઈ શકો તો જોઈ લો મારા સજલ નયનમાં.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૩૨)

રદીફ : માં

કાફિયા : ચમન - નયન

કાફિયા-વ્યવસ્થા : અકાર+ન

અતિયુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+અકાર+ન

ગણવિભાજન

લં	ગા	લ	ગ઼ા	ગા	લં	ગા	લ	ગ઼ા	ગા	લં	ગા	લ	ગ઼ા	ગા	લં	ગા	લ	ગ઼ા	ગા
ક	હું	હું	શું	કે	મ	ને	મ	ળ્યું	શું	હ	સી	ખુ	શી	માં	અ	મન	ચ	મન	માં
મ	ળ્યું	છે	જે	કંઈ	જો	ઈ	શ	કો	તો	જો	ઈ	લો	મા	રા	સ	જલ	ન	યન	માં

હું, છે, લો = 'ગા'ને બદલે 'લ'

કંઈ = 'લગા'ને બદલે 'ગા'

જોઈ = 'ગાગા'ને બદલે 'લગા' (મોટેભાગના ગઝલકારો આ છૂટને દોષ ગણી શકે છે.)

છંદ ક્રમાંક ૧૪ થી ૧૮ માં ફક્ત ગુરુઅક્ષરોનો જ પ્રયોગ થયો છે. સંયુક્ત ઉચ્ચારવાળા 'લલ્' સ્વરૂપના બે લઘુઅક્ષરો કે જેને આપણે 'ગા' જ કહીએ છીએ, એનો પ્રયોગ કોઈપણ છંદના કોઈપણ ગુરુના સ્થાન પર કરી શકાય છે પરંતુ સ્પષ્ટ ઉચ્ચારવાળા 'લલ' સ્વરૂપના બે લઘુઅક્ષરોનો પ્રયોગ છંદના છેલ્લા ગુરુ સિવાયના તથા મુખ્ય અને ગૌણ પદ્યભાર સિવાયના ગુરુ પર જ કરી શકાય છે. ખાસ કરીને બે શબ્દો પૈકી પહેલા શબ્દનો છેલ્લો અક્ષર અને બીજા શબ્દનો પહેલો અક્ષર (જો લઘુ હોય તો) મળીને એક ગુરુ ગણવાની છૂટ છંદના છેલ્લા ગુરુ સિવાયના તથા મુખ્ય અને ગૌણ પદ્યભાર સિવાયના ગુરુ પર જ કરી શકાય છે. આ બાબતને નીચે મુજબ સરળ રીતે યાદ રાખી લેવી.

સ્પષ્ટ ઉચ્ચારવાળા 'લલ' સ્વરૂપના બે લઘુઅક્ષરોનો પ્રયોગ ફક્ત ગુરુઅક્ષરોના પ્રયોગવાળા છંદના છેલ્લા ગુરુઅક્ષર સિવાયના એકી સંખ્યાના (પહેલા, ત્રીજા, પાંચમા.....) ગુરુઅક્ષર પર અથવા બેકી સંખ્યાના (બીજા, ચોથા, છઠ્ઠા.....) ગુરુઅક્ષર પર જ કરી શકાય છે. ફક્ત ગુરુઅક્ષરોના પ્રયોગવાળા છંદોમાં આ બે પૈકી કોઈપણ એક વ્યવસ્થા આખી ગઝલમાં જાળવવાની રહેશે.

ગણવિભાજનમાં સ્પષ્ટ ઉચ્ચારવાળા (લલ સ્વરૂપના) બે લઘુઅક્ષરોને અલગ-અલગ લીટીમાં દર્શાવ્યા છે.

(૧૪)

ગાંગાગ઼ાગા ગાંગાગ઼ાગા ગાંગાગ઼ાગા ગાંગાગ઼ા

તર્ક-સંગત નામ : ૪ગાંગાગ઼ાગા-ગા

લય : ચેહરા હૈ યા ચાંદ ખિલા હૈ ઝુલ્ફ઼ ઘનેરી શામ હૈ ક્યા (કિશોરકુમાર)

મન ઠેકાણે હોય તો અવસર ફૂલો જેવા લાગે છે;
મન ઠેકાણે હોય નહીં તો પથ્થર પેઠે વાગે છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૬૦૪)

રદીફ઼ : છે

કાફ઼િયા : લાગે - વાગે

કાફ઼િયા-વ્યવસ્થા : આકાર+ગે

ગણવિભાજન

ગાં	ગા	ગ઼ા	ગા	ગાં	ગા	ગ઼ા	ગા	ગાં	ગા	ગ઼ા	ગા	ગાં	ગા	ગ઼ા
મન	ઠે	કા	ણે	હો	ય તો	અવ	સર	ફૂ	લો	જે	વા	લા	ગે	છે
મન	ઠે	કા	ણે	હો	ય ન	હીં	તો	પથ્	થર	પે	ઠે	વા	ગે	છે

તો = 'ગા'ને બદલે 'લ'

(૧૫)

ગાંગાગ઼ાગા ગાંગાગ઼ાગા

તર્કિ-સંગત નામ : ૨ગાંગાગ઼ાગા

લય : ગમ કા ફસાના કિસકો સુનાએં (શમશાદ બેગમ)

રૂપ થકી જો પ્રેમ મળે છે;
સોનામાં સુગંધ ભળે છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૭૭)

રદીફ : છે

કાફિયા : મળે - ભળે

કાફિયા-વ્યવસ્થા : અકાર+ળે

ગણવિભાજન

ગાં	ગા	ગ઼ા	ગા	ગાં	ગા	ગ઼ા	ગા
રૂ	પ થ	કી	જો	પ્રે	મ મ	ળે	છે
સો	ના	માં	સુ	ગં	ધ ભ	ળે	છે

સુગંધ = 'લગાલ'ને બદલે 'ગાગાલ'

'સુગંધ' શબ્દમાં 'સુ'નો દીર્ઘ ઉચ્ચાર કર્ણકટુ લાગતો હોવાથી મારા મતાનુસાર આ છૂટ લઈ શકાય નહીં.

(૧૬)

ગાંગાગ઼ાગા ગાંગાગ઼ા

તર્ક-સંગત નામ : ૨ગાંગાગ઼ાગા-ગા

લય : ઘર આયા મેરા પરદેસી (લતા મંગેશ્કર)

મીઠાં શમણાં વસમાં શૂળ;
મારી ગઝલોનાં બે મૂળ.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૦૧)

રદીફ : *
કાફિયા : શૂળ - મૂળ
કાફિયા-વ્યવસ્થા : ઊકાર+ળ

આ ગઝલના મતલાના બંને (ઉલા અને સાની) મિસરામાં ૭ ગુરુ પ્રયોજવામાં આવ્યા છે જ્યારે મતલા સિવાયના બધા જ શેરના ઉલા મિસરામાં ૮ ગુરુ અને સાની મિસરામાં ૭ ગુરુ પ્રયોજવામાં આવ્યા છે.

ગણવિભાજન

ગાં	ગા	ગ઼ા	ગા	ગાં	ગા	ગ઼ા
મી	ઠાં	શમ	ણાં	વસ	માં	શૂળ્
મા	રી	ગઝ	લો	નાં	બે	મૂળ્

કોઈ જ છૂટ લેવામાં આવી નથી.

(૧૭)

ગાગાંગાગ઼ા ગાગાંગાગ઼ા ગાગાંગાગ઼ા ગાગાંગાગ઼ા

તર્ક-સંગત નામ : ૪ગાગાંગાગ઼ા

લય : દિલ લૂંટનેવાલે જાદૂગર અબ મૈંને તુઝે પહચાના હૈ (મુકેશ અને લતા મંગેશ્કર)

અશ્રુની રડતી સૂરતમાં મેં હસતી મૂરત જોઈ છે;
આ આંખ રડી છે અંત લગી પણ હસતાં હસતાં રોઈ છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૩૫)

રદીફ : છે

કાફિયા : જોઈ - રોઈ

કાફિયા-વ્યવસ્થા : ઓકાર+ઈ

ગણવિભાજન

ગા	ગાં	ગા	ગ઼ા	ગા	ગાં	ગા	ગ઼ા	ગા	ગાં	ગા	ગ઼ા	ગા	ગાં	ગા	ગ઼ા
અશ્	રૂ	ની	રડ	તી	સૂ	રત	માં	મેં	હસ	તી	મૂ	રત	જો	ઈ	છે
આ	આં	ખ ર	ડી	છે	અં	ત લ	ગી	પણ	હસ	તાં	હસ	તાં	રો	ઈ	છે

અશ્રુ = 'ગાલ'ને બદલે 'ગાગા'

(૧૮)

ગાગાંગાગ઼ા ગાગાં, ગાગાંગાગ઼ા ગાગાં

તર્ક-સંગત નામ : ૨(૨ગાગાંગાગ઼ા-ગાગા)

લય : હોટોં સે છૂ લો તુમ, મેરા ગીત અમર કર દો (જગજીત સિંઘ)

નિજનો કે પરાયાનો ઇતબાર નથી કરતા,
તેઓને અસર દિલના ઉદગાર નથી કરતા.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૭૨૫)

રદીફ : નથી કરતા

કાફિયા : ઈતબાર - ઉદગાર

કાફિયા-વ્યવસ્થા : આકાર+ર

આ છંદમાં ત્રીજા અને નવમા પદ્યભાર વગરના 'ગા'ના સ્થાન પર 'લલ' લઈને, મોટે ભાગે 'ગાગાંલલગ઼ા ગાગાં, ગાગાંલલગ઼ા ગાગાં' સ્વરૂપે જ પ્રયોજવામાં આવે છે.

ગણવિભાજન

ગા	ગાં	ગા	ગ઼ા	ગા	ગાં	ગા	ગાં	ગા	ગ઼ા	ગા	ગાં
નિજ	નો	કે પ	રા	યા	નો	ઇત	બા	ર ન	થી	કર	તા
તે	ઓ	ને અ	સર	દિલ	ના	ઉદ	ગા	ર ન	થી	કર	તા

કે = 'ગા'ને બદલે 'લ'

ને = 'ગા'ને બદલે 'લ'

(૧૯)

ગાગાંલગ઼ા લગાંગ઼ા, ગાગાંલગ઼ા લગાંગ઼ા

તર્ક-સંગત નામ : ૨(ગાગાંલગ઼ા+લગાંગ઼ા)

લય : બૂંદેં નહીં સિતારે, ટપકે હૈં કહકશાં સે (મુહમ્મદ રફી)

છે કાંઈ જિંદગીમાં તો એ જ છે સહારો;
એક યાદ છે તમારી એક શ્વાસ છે અમારો.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૪૪)

રદીફ : *

કાફિયા : સહારો - અમારો

કાફિયા-વ્યવસ્થા : આકાર+રો

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+આકાર+રો

ગણવિભાજન

ગા	ગાં	લ	ગ઼ા	લ	ગાં	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	લ	ગાં	ગ઼ા
છે	કાં	ઈ	જિં	દ	ગી	માં	તો	એ	જ	છે	સ	હા	રો
એક	યા	દ	છે	ત	મા	રી	એક	શ્વા	સ	છે	અ	મા	રો

કાંઈ = 'ગાગા'ને બદલે 'ગાલ'

એક = 'ગાલ'ને બદલે 'ગા'

(૨૦)

લલગાંલગ઼ા લગાંગ઼ા, લલગાંલગ઼ા લગાંગ઼ા

તર્ક-સંગત નામ : ૨(લલગાંલગ઼ા+લગાંગ઼ા)

લય : મુઝે ઈશ્ક હૈ તુઝીસે, મેરી જાન ઝિન્દગાની (મુહમ્મદ રફી)

કે છે મારી જન્મતિથિ અતિ તેથી પી ગયો છું;
કે હું બહુ છકી ગયો છું કે હું બહુ ચગી ગયો છું.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૮૩૯)

રદીફ : ગયો છું

કાફિયા : પી - ચગી

કાફિયા-વ્યવસ્થા : ઈકારાંત

ગણવિભાજન

લ	લ	ગાં	લ	ગ઼ા	લ	ગાં	ગ઼ા	લ	લ	ગાં	લ	ગ઼ા	લ	ગાં	ગ઼ા
કે	છે	મા	રી	જન્	મ	તિ	થિ	અ	તિ	તે	થી	પી	ગ	યો	છું
કે	હું	બહુ	છ	કી	ગ	યો	છું	કે	હું	બહુ	ચ	ગી	ગ	યો	છું

બંને પંક્તિની શરૂઆતમાં 'કે' શબ્દ અર્થહીન છે. ગઝલમાં આ પ્રકારના અર્થહીન શબ્દોનો પ્રયોગ ટાળવો જ હિતાવહ છે.

કે, છે, હું = 'ગા'ને બદલે 'લ'

મારી = 'ગાગા'ને બદલે 'ગાલ'

તિથિ = 'લલ'ને બદલે 'ગાગા' (બંને હ્રસ્વ 'ઇ'નું દીર્ઘ ઉચ્ચારણ કર્ણકટુ નથી લાગતું તેથી)

તેથી = 'ગાગા'ને બદલે 'ગાલ'

બહુ = 'લલ'ને બદલે 'ગા'

(૨૧)

ગાગાં લગ઼ાલગાં લલ઼ગાગાં લગ઼ાલગાં

તર્ક-સંગત નામ : -લલ+૨(લલ઼ગાગાં+લગ઼ાલગાં)

લય : ઉનકે ખયાલ આએ તો આતે ચલે ગએ (મુહમ્મદ રફી)

મિલતી હૈ ઝિંદગી મેં મુહબ્બત કભી-કભી (લતા મંગેશ્કર)

સહુને ગમી ગઈ હતી એવી અસલ હતી;
નાજુક હતી પરંતુ ગજબની ગઝલ હતી.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૪૩)

રદીફ : હતી

કાફિયા : અ<u>સ</u>લ - ગ<u>ઝ</u>લ

કાફિયા-વ્યવસ્થા : અકાર+લ

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+અકાર+લ

ગણવિભાજન

ગા	ગાં	લ	ગ઼ા	લ	ગાં	લ	લ઼	ગા	ગાં	લ	ગ઼ા	લ	ગાં
<u>સહુ</u>	ને	ગ	મી	ગ	ઈ	હ	<u>તી</u>	એ	વી	અ	સલ	હ	તી
ના	જુક	હ	તી	પ	રં	તુ	ગ	જબ	ની	ગ	ઝલ	હ	તી

સહુ = 'લલ'ને બદલે 'ગા'

હતી = 'લગા'ને બદલે 'લલ'

નોંધ :-

છંદ ક્રમાંક ૨૨, ૨૩ ૨૪, અને ૨૫માં છેલ્લી સંધિમાં બે લઘુઅક્ષરના સ્થાન પર એક ગુરુઅક્ષર લેવાની છૂટ છે. એટલે કે અંતે 'લલગા'ને બદલે 'ગાગા' લેવાની છૂટ છે. આમ એક જ ગઝલમાં જરૂર મુજબ અંતે 'લલગા' અને 'ગાગા' બંને સ્વરૂપ પ્રયોજી શકાય છે.

આ ચારેય છંદમાં દરેકમાં મતલામાં 'લલગા' અને 'ગાગા' સ્વરૂપ પ્રયોગ થયા હોય એવા બંને ઉદાહરણ મતલા અને એક શેર સાથે પ્રસ્તુત કર્યા છે કે જેથી એક જ ગઝલમાં જરૂર મુજબ અંતે 'લલગા' અને 'ગાગા' બંને સ્વરૂપ કેવી રીતે પ્રયોજી શકાય છે એ સમજી શકાય.

(૨૨)

લગ઼ાલગાં લલ઼ગાગાં લગ઼ાલગાં લલ઼ગા

તર્ક-સંગત નામ : ૨(લગ઼ાલગાં+લલ઼ગાગાં)-ગા

લય : કભી કિસીકો મુકમ્મલ જહાં નહીં મિલતા (ભૂપિન્દર સિંઘ)

કભી-કભી મેરે દિલ મેં ખયાલ આતા હૈ (મુકેશ)

નશાના ધામ તરફ મસ્તીના મુકામ તરફ,
નિગાહ છે કે રહે છે સદાય જામ તરફ.
હવે તો દ્રષ્ટિ ફક્ત સાદગીને શોધે છે,
ગયો એ દોર કે રહેતી હતી દમામ તરફ.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૦૨)

રદીફ : તરફ

કાફિયા : મુકામ – જામ – દમામ

કાફિયા-વ્યવસ્થા : આકાર+મ

ગણવિભાજન

લ	ગ઼ા	લ	ગાં	લ	લ઼	ગા	ગાં	લ	ગ઼ા	લ	ગાં	લ લ઼	ગા
ન	શા	ના	ધા	મ	ત	રફ	મસ્	તી	ના	મુ	કા	મ ત	રફ
નિ	ગા	હ	છે	કે	ર	હે	છે	સ	દા	ય	જા	મ ત	રફ
હ	વે	તો	દ્રષ્	ટિ	ફ	કત	સા	દ	ગી	ને	શો	ધે	છે
ગ	યો	એ	દો	ર	કે	રહે	તી	હ	તી	દ	મા	મ ત	રફ

ના, ને, કે, તો, એ = 'ગા'ને બદલે 'લ'

મસ્તી = 'ગાગા'ને બદલે 'ગાલ'

ફક્ત = 'ગાલ'ને બદલે 'લગા'

રહેતી = 'લગાગા'ને બદલે 'ગાગા'

કે ભૂલ ભેગી વધુ એક ભૂલ કરવી છે,
અસંખ્ય ભૂલ કરી છે કબૂલ કરવી છે.
કદાચ એમ મળી જાય એક નવો જ વળાંક,
કદી કરી નથી એવીય ભૂલ કરવી છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૪૩)

રદીફ : કરવી છે
કાફિયા : <u>ભૂ</u>લ - ક<u>બૂ</u>લ
કાફિયા-વ્યવસ્થા : ઊકાર+લ

ગણવિભાજન

લ	ગ઼ા	લ	ગાં	લ	લ઼	ગા	ગાં	લ	ગ઼ા	લ	ગાં	લ લ઼	ગા
<u>કે</u>	ભૂ	લ	ભે	<u>ગી</u>	વ	ધુ	એ	ક	ભૂ	લ	કર	વી	છે
અ	સં	ખ્ય	ભૂ	લ	ક	રી	છે	ક	બૂ	લ	કર	વી	છે
ક	દા	ચ	એ	મ	મ	ળી	જા	ય	<u>એક</u>	ન	વો	જ વ	ળાંક્
ક	દી	ક	રી	ન	<u>થી</u>	એ	વી	ય	ભૂ	લ	કર	વી	છે

પહેલી પંક્તિની શરૂઆતમાં 'કે' શબ્દ અર્થહીન છે. ગઝલમાં આ પ્રકારના અર્થહીન શબ્દોનો પ્રયોગ ટાળવો જ હિતાવહ છે.

કે = 'ગા'ને બદલે 'લ'
ભેગી = 'ગાગા'ને બદલે 'ગાલ'
એક = 'ગાલ'ને બદલે 'ગા'
નથી = 'લગા'ને બદલે 'લલ'

(૨૩)

ગાલ઼ગાગાં લગ઼ાલગાં લલ઼ગા

તર્ક-સંગત નામ : લ+લલ઼ગાગાં+લગ઼ાલગાં+લલ઼ગાગાં-ગા

લય : તુમકો દેખા તો યે ખયાલ આયા (જગજીત સિંઘ)

જન્મદાતા જ મોઢું બંધ કરે,
રાવ કોને જઈ સુગંધ કરે!
આંખની પહોંચે ના શરમ જેને,
એને ક્યાંથી અસર સંબંધ કરે
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૮૦)

રદીફ : કરે
કાફિયા : બંધ – સુગંધ – સંબંધ
કાફિયા-વ્યવસ્થા : અંકાર+ધ

ગણવિભાજન

ગા	લ઼	ગા	ગાં	લ	ગ઼ા	લ	ગાં	લ લ઼	ગા
જન્	મ	દા	તા	જ	મો	ઢું	બં	ધ ક	રે
રા	વ	કો	ને	જ	ઈ	સુ	ગં	ધ ક	રે
આં	ખ	ની	પહોં	ચે	ના	શ	રમ	જે	ને
એ	ને	ક્યાં	થી	અ	સર	સં	બં	ધ ક	રે

મોઢું, એને = 'ગાગા'ને બદલે 'ગાલ'

'પહોંચે' (લગાગા) શબ્દ 'પ્હોંચે' (ગાગા) ઉચ્ચાર સાથે 'ગાગા' ને બદલે 'ગાલ' સ્વરૂપે પ્રયોજવામાં આવ્યો છે.

'સંબંધ' શબ્દ 'લગાલ' અને 'ગાગાલ' બંને સ્વરૂપે પ્રયોજી શકાય છે.

કેમ ભૂલી ગયા દટાયો છું,
આ ઇમારતનો હું ય પાયો છું.
રામ જાણે શું કામ હું જ મને,
સર્પની જેમ વીંટળાયો છું
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૦૭)

રદીફ : છું
કાફિયા : દટાયો – પાયો – વીંટળાયો
કાફિયા-વ્યવસ્થા : આકાર+યો

ગણવિભાજન

ગા	લ઼	ગા	ગાં	લ	ગ઼ા	લ	ગાં	લ લ઼	ગા
કે	મ	ભૂ	લી	ગ	યા	દ	ટા	યો	છું
આ	ઇ	મા	રત	નો	હું	ય	પા	યો	છું
રા	મ	જા	ણે	શું	કા	મ	હું	જ મ	ને
સર્	પ	ની	જે	મ	વીં	ટ	ળા	યો	છું

નો = 'ગા'ને બદલે 'લ'
'શું = 'ગા'ને બદલે 'લ'

(૨૪)

ગાલ઼ગાગાં લલ઼ગાગાં લલ઼ગાગાં લલ઼ગા

તર્ક-સંગત નામ : લ+૪લલ઼ગાગાં-ગા

લય : રસ્મે-ઉલ્ફત કો નિભાએં તો નિભાએં કૈસે (લતા મંગેશકર)

કરબદરવત છે, છતાં ભેદભરમ મુક્ત નથી,
આપણા હોવાની ઘટનાય મભમ મુક્ત નથી.
પૂર્વે જેવા હતા એવા જ રિવાજી છે લોક,
રૂઢ કે નવ્ય કોઈ રીતરસમ મુક્ત નથી.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૭૩૦)

રદીફ : મુક્ત નથી

કાફિયા : ભેદભરમ – મભમ – રીતરસમ

કાફિયા-વ્યવસ્થા : અકાર+મ

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+અકાર+મ

ગણવિભાજન

ગા	લ઼	ગા	ગાં	લ	લ઼	ગા	ગાં	લ	લ઼	ગા	ગાં	લ લ઼	ગા
કર	બ	દર	વત	છે	છ	તાં	ભે	દ	ભ	રમ	મુક્	ત ન	થી
આ	પ	ણા	હો	વા	ની	ઘટ	ના	ય	મ	ભમ	મુક્	ત ન	થી
પૂર્	વે	જે	વા	હ	તા	એ	વા	જ	રિ	વા	જી	છે	લોક્
રૂ	ઢ	કે	નવ્	ય	કો	ઈ	રી	ત	ર	સમ	મુક્	ત ન	થી

'હોવાની' શબ્દનું લાગત્મક સ્વરૂપ 'ગાગાગા' થાય છે. પરંતુ એમાં 'ની' પ્રત્યય હોવાથી એને લઘુ તરીકે લઈ શકાય અને 'હોવા' શબ્દમાં અંત્ય ગુરુ 'વા'ને પણ લઘુ તરીકે લઈ શકાય. આ રીતે 'હોવાની' શબ્દને 'ગાલલ' અને 'ગાલગા' બંને સ્વરૂપે પણ પ્રયોજી શકાય.

છે = 'ગા'ને બદલે 'લ'.   કોઈ = 'ગાગા'ને બદલે 'લગા'.   પૂર્વે = 'ગાગા'ને બદલે 'ગાલ'.
હતા = 'લગા'ને બદલે 'લલ'.

રંજમાં એશના સામાન નજર આવે છે,
મુશ્કિલો પણ મને આસાન નજર આવે છે.
ગમ કદી, દર્દ કદી, યાદ કદી, આહ કદી,
નિત નવા દિલ મહીં મ્હેમાન નજર આવે છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૬૪૪)

રદીફ : નજર આવે છે
કાફિયા : સામાન – આસાન – મ્હેમાન
કાફિયા-વ્યવસ્થા : આકાર+ન

ગણવિભાજન

ગા	લ઼	ગા	ગાં	લ	લ઼	ગા	ગાં	લ	લ઼	ગા	ગાં	લ લ઼	ગા
રં	જ	માં	એ	શ	ના	સા	મા	ન	ન	જર	આ	વે	છે
મુશ્	કિ	લો	પણ	મ	ને	આ	સા	ન	ન	જર	આ	વે	છે
ગમ	ક	દી	દર્	દ	ક	દી	યા	દ	ક	દી	આ	હ ક	દી
નિત	ન	વા	દિલ	મ	હીં	મ્હે	મા	ન	ન	જર	આ	વે	છે

'ના' = 'ગા'ને બદલે 'લ'
મને, મહીં = 'લગા'ને બદલે 'લલ'

(૨૫)

ગાલ઼ગાગાં લલ઼ગાગાં લલ઼ગા

તર્ક-સંગત નામ : લ+૩લલ઼ગાગાં-ગા

લય : અહલે-દિલ યૂં ભી નિભા લેતે હૈં (ભૂપિન્દર સિંઘ તથા લતામંગેશ્કર)

દિન ઢળે એટલે બસ લાગે છે.
સાંજે સહરાની તરસ લાગે છે.
એમ પહોંચાતું નથી લક્ષ્ય સુધી,
જતાં વરસોના વરસ લાગે છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૪૦)

રદીફ : લાગે છે

કાફિયા : બસ – તરસ – વરસ

કાફિયા-વ્યવસ્થા : અકાર+સ

ગણવિભાજન

ગા	લ઼	ગા	ગાં	લ	લ઼	ગા	ગાં	લ લ઼	ગા
દિન	ઢ	ળે	એ	ટ	લે	બસ	લા	ગે	છે
સાં	જે	સહ	રા	ની	ત	રસ	લા	ગે	છે
એ	મ	પ્હોં	ચા	તું	ન	થી	લક્ષ્	ય સુ	ધી
જ	તાં	વર	સો	નાં	વ	રસ	લા	ગે	છે

એટલે = 'ગાલગા'ને બદલે 'ગાલલ'

સાંજે = 'ગાગા'ને બદલે 'ગાલ'

ની = 'ગા'ને બદલે 'લ'

પહોંચાતું (લગાગાગા) = 'પ્હોંચાતું' ઉચ્ચાર સાથે 'ગાગાગા'ને બદલે 'ગાગાલ'

છંદ ક્રમાંક ૨૨, ૨૩ ૨૪, અને ૨૫માં કોઈક વાર પહેલી સંધિ 'ગાલ઼ગાગાં'ને બદલે 'લગ઼ાગાગાં' પણ પ્રયોજવામાં આવે છે. જેમકે ઉપરોક્ત ઉદાહરણમાં 'જતાં વરસો' = 'લગ઼ાગાગાં'.

*****

(૫)
ગઝલમાં રદીફની પસંદગી

ગઝલમાં કાફિયા પછી મતલાની બંને પંક્તિના અંતે અને અન્ય શેરોની બીજી પંક્તિના અંતે આવતા એકસરખાં શબ્દોને રદીફ કહેવામાં આવે છે. રદીફ ગમે એવી પ્રયોજી શકાય પરંતુ સાથે એ પણ ધ્યાન રાખવું જરૂરી છે કે ગઝલના દરેક શેરના ભાવાર્થમાં રદીફ પણ પૂર્ણ રૂપે સાર્થક હોવી જોઈએ. શેરમાંથી રદીફ કાઢી નાખતાં પણ શેરના ભાવાર્થમાં કશો ફરક ન પડતો હોય તો એ રદીફને સાર્થક કહી શકાય નહીં. ગઝલમાં કાફિયા અનિવાર્ય છે જ્યારે રદીફ અનિવાર્ય નથી. એટલે કે રદીફના પ્રયોગ વગર પણ ગઝલ રચી શકાય છે. રદીફના પ્રયોગ વગરની ગઝલને બિનરદીફ ગઝલ કહેવામાં આવે છે.

મારા મતાનુસાર સૌથી સરળ રદીફ એકાક્ષરી ગુરુ શબ્દ 'છે' જ છે કે જેમાં વિષયનો વ્યાપ સૌથી વધારે છે અને કોઈપણ છંદ માટે યોગ્ય છે. એ જ રીતે 'લગા' સ્વરૂપનો શબ્દ 'નથી' પણ સરળ રદીફમાં જ ગણી શકાય પરંતુ એનો પ્રયોગ અંતે 'લગા' આવતું હોય એવા જ છંદોમાં થઈ શકે છે. આમ રદીફ જેમ લાંબી હશે એમ ગઝલની રચના માટે વિષય અને છંદની પસંદગીનો વ્યાપ ઓછો થતો જશે. એક કોષ્ટક પ્રસ્તુત છે કે જેના પરથી આ વાત સરળતાથી સમજી શકાય.

રદીફ	છંદની પસંદગી
છે	કોઈપણ છંદનો પ્રયોગ કરી શકાય અને વિષયનો વ્યાપ પણ સૌથી વધુ
છું	કોઈપણ છંદનો પ્રયોગ કરી શકાય પરંતુ વિષય સ્વકેન્દ્રીય જ હશે.
નથી	વિષયનો વ્યાપ વધુ પરંતુ અંતે 'લગા' હોય એવા જ છંદોનો પ્રયોગ કરી શકાય.
હતા, હતી, હતું, હતો.	વિષયનો વ્યાપ ભૂતકાળ પુરતો જ માર્યાદિત અને અંતે 'લગા' હોય એવા જ છંદોનો પ્રયોગ કરી શકાય.
થઈ, ગઈ, નહીં, રહી.	'લગા' સ્વરૂપના આ શબ્દો અનુક્રમે 'થૈ', 'ગૈ', નૈં, 'રૈ' ઉચ્ચાર સાથે 'ગા' સ્વરૂપે પણ પ્રયોજી શકાતા હોવાથી છંદમાં અંતે 'લગા' હોય અથવા 'ગાગા' હોય એ બંને સંજોગોમાં પ્રયોજી શકાય છે.
થઈ ગઈ	અંતે 'લગાલગા' હોય એવા જ છંદોનો પ્રયોગ કરી શકાય છે. પરંતુ 'થઈ' અને 'ગઈ' શબ્દોને 'થૈ' અને 'ગૈ' ઉચ્ચાર સાથે અંતે 'ગાલગા', 'લગાગા' અને 'ગાગા' હોય એવા છંદોમાં પણ પ્રયોજી શકાય. આમ આ પુસ્તકમાં પ્રસ્તુત છંદો પૈકી લગભગ બધા જ છંદોમાં 'થઈ ગઈ' રદીફનો પ્રયોગ કરી શકાય.
નથી હોતા, નથી હોતી, નથી હોતું, નથી હોતો.	અંતે 'લગાગાગા' અથવા 'લલગાગા' હોય એવા જ છંદ પ્રયોજી શકાય. ('લગા' સ્વરૂપના 'નથી' શબ્દને 'લલ' સ્વરૂપે પણ પ્રયોજી શકાય.)
હોતા નથી, હોતી નથી, હોતું નથી, હોતો નથી.	ઉપરોક્ત રદીફમાં ફક્ત શબ્દોના ક્રમ જ બદલવાથી છંદોના પ્રયોગનો વ્યાપ વધી જાય છે. અંતે 'ગાગાલગા' હોય એવા નીચે મુજબના છંદોનો પ્રયોગ કરી શકાય. છંદને અંતે રદીફ જેટલો ભાગ રેખાંકિત કરીને દર્શાવ્યો છે. ગાગાલગા ગાગાલગા ગાગાલગા <u>ગાગાલગા</u> લગાગા લગાગા લ<u>ગાગા લગા</u> ગાલગાગા ગાલગાગા ગાલગા<u>ગા ગાલગા</u> ગાલગાગા ગાલગા<u>ગા ગાલગા</u>

ગઝલમાં રદીફની પસંદગીને આપણે સરળતાના ક્રમ મુજબના ચાર પ્રકારમાં સમજીશું.

(૧) બિનરદીફ ગઝલ
(૨) સરળ રદીફ
(૩) વિષય રદીફ
(૪) વિશિષ્ટ રદીફ

(૧)
બિનરદીફ ગઝલ

બિનરદીફ ગઝલમાં રદીફનો પ્રયોગ જ થતો નથી. બિનરદીફ ગઝલોના કેટલાંક ઉદાહરણ પ્રસ્તુત છે.

(૧)
તાસીર એમની ય હતી ઝાંઝવા સમી
પાસે ગયો તો ગઈ જ સરી દૂર વાદળી.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૬૫૯)
રદીફ : *
કાફિયા : સમી– વાદળી
કાફિયા-વ્યવસ્થા : ઈકારાંત
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+ઈકાર
છંદ : ગાગાં લગ઼ાલગાં લલ઼ગાગાં લગ઼ાલગાં

બિનરદીફ ગઝલોમાં રદીફ ન હોવાથી ગઝલ અને કાફિયાની સુંદરતા જાળવવા માટે બિનરદીફ ગઝલોમાં સ્વરાંત કાફિયાનો પ્રયોગ ટાળવો હિતાવહ છે. અમૃત 'ઘાયલ'ના સમગ્રસંગ્રહ 'આઠોં જામ ખુમારી'માં સ્વરાંત કાફિયા ધરાવતી બિનરદીફ ગઝલ આ એક જ છે. આ સિવાય કોઈપણ બિનરદીફ ગઝલમાં તેઓએ સ્વરાંત કાફિયાનો પ્રયોગ કર્યો નથી.

(૨)
અચાનક નજર ફેરવી કેમ લીધી?
હજી તો નથી વાત સુદ્ધાં મેં કીધી.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૨૫૩)
રદીફ : *
કાફિયા : <u>લી</u>ધી – <u>કી</u>ધી
કાફિયા-વ્યવસ્થા : ઈકાર+ધી
છંદ : લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા

(૩)
અમે આજ એવી ય ઘટના નિહાળી,
ગઈ ફૂલ ભારે ખરી એક ડાળી.
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૯૬)
રદીફ : *
કાફિયા : નિ<u>હા</u>ળી – <u>ડા</u>ળી
કાફિયા-વ્યવસ્થા : આકાર+ળી
છંદ : લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા

(૪)
કે કરે છે એ કામ એનાં નેણ,
એ નથી બોલતા કદાપિ કવેણ.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૮૯૧)
રદીફ : *
કાફિયા : <u>ને</u>ણ – ક<u>વે</u>ણ
કાફિયા-વ્યવસ્થા : એકાર+ણ
છંદ : ગાલ઼ગાગાં લગ઼ાલગાં લલ઼ગા
(આ છંદમાં અંતે 'લલગા'ને બદલે 'ગાગા' પણ લઈ શકાય. <u>મતલામાં જ બંને પંક્તિમાં અંતે અનુક્રમે 'ગાગા' અને 'લલગા' બંને સ્વરૂપનો પ્રયોગ કરવામાં આવ્યો છે</u>.)

(૨)

સરળ રદીફ

સરળ રદીફની શ્રેણીમાં, છે, છું, નથી, હતા, હતી, હતું, હતો, હશે, કીધી છે, પીધી છે, આપું છું, નથી શકતું, નથી મળતાં વગેરે જેવી રદીફોને મૂકી શકાય.

(૫)
જાતને ભોગે સેવી સાહી છે,
મેં વ્યથા ને નિતાંત ચાહી છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૮૮૧)
રદીફ : છે
કાફિયા : સાહી – ચાહી
કાફિયા-વ્યવસ્થા : આકાર+હી
છંદ : ગાલ઼ગાગાં લગ઼ાલગાં લલ઼ગા
(આ છંદમાં અંતે 'લલગા'ને બદલે 'ગાગા' પણ લઈ શકાય)

(૬)
મારી કને જે થોડાં ઘણાં આ પ્રતીક છે,
મરકત મણિ છે ખૂબ મજાનાં અકીક છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૫૫)
રદીફ : છે
કાફિયા : પ્રતીક – અકીક
કાફિયા-વ્યવસ્થા : ઈકાર+ક
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+ઈકાર+ક
છંદ : ગાગાં લગ઼ાલગાં લલ઼ગાગાં લગ઼ાલગાં

(૭)

વાત દિલની કબૂલ કીધી છે,
મેં ય પણ કેવી ભૂલ કીધી છે!
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૦૧)

રદીફ : કીધી છે
કાફિયા : કબૂલ – ભૂલ
કાફિયા-વ્યવસ્થા : ઊકાર+લ
છંદ : ગાલ઼ગાગાં લગ઼ાલગાં લલ઼ગા
(આ છંદમાં અંતે 'લલગા'ને બદલે 'ગાગા' પણ લઈ શકાય)

(૮)

ગુજારવા છે જુલમ પણ જુલમ નથી મળતા;
સિતમગરો છે ફિકરમાં સિતમ નથી મળતા.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૨૮૮)

રદીફ : નથી મળતા
કાફિયા : જુલમ – સિતમ
કાફિયા-વ્યવસ્થા : અકાર+મ
છંદ : લગ઼ાલગાં લલ઼ગાગાં લગ઼ાલગાં લલ઼ગા
(આ છંદમાં અંતે 'લલગા'ને બદલે 'ગાગા' પણ લઈ શકાય)

આ ઉપરાંત પ્રત્યયને પણ સરળ રદીફ તરીકે લઈ શકાય, જેમ કે માં, થી, માંથી, ના, ની, નું, ને, નો. પ્રત્યય શબ્દ સાથે જોડીને લખાતો હોવા છતાં એ રદીફનો જ ભાગ ગણાશે. આમ પ્રત્યય કાફિયા સાથે જોડીને લખાતો હોવાથી કાફિયાના એક જ શબ્દમાં કાફિયા અને રદીફ બંનેનો સમાવેશ થઈ જાય છે. આવી ગઝલોને હમરદીફ-હમકાફિયા ગઝલ કહેવાય છે.

(૯)

દીસે છે ઝખ્મ પણ કેવા જિગરમાં

પડ્યા છે હંસ જાણે માનસરમાં

- અમૃત 'ઘાયલ'

('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૫૩)

રદીફ : માં

કાફિયા : જિગર – માનસર

કાફિયા-વ્યવસ્થા : અકાર+ર

છંદ : લગાગાગાં લગાગાગાં લગાગા

(૧૦)

નામની છે હસ્તી એની નામની,

ધૂનહીણી જિંદગી શા કામની?

- અમૃત 'ઘાયલ'

('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૬૧)

રદીફ : ની

કાફિયા : નામ – કામ

કાફિયા-વ્યવસ્થા : આકાર+મ

છંદ : ગાંલગાગા ગાંલગાગા ગાંલગા

(૧૧)
લાગ્યું'તું એવું ઘેલું સફરમાં મુકામનું,
આવ્યું તો હું વટાવી ગયો સ્થળ વિરામનું.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૪૫)
રદીફ : નું
કાફિયા : મુકામ – વિરામ
કાફિયા-વ્યવસ્થા : આકાર+મ
છંદ : ગાગાં લગાલગાં લલગાગાં લગાલગાં

(૧૨)
એમ હું મુજને જડ્યો મસ્તીની આલમમાંથી,
એક હમદર્દ મળ્યો જાણે કે હમદમમાંથી.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૩૨૩)
રદીફ : માંથી
કાફિયા : આલમ – હમદમ
કાફિયા-વ્યવસ્થા : અકાર+મ
છંદ : ગાલગાગાં લલગાગાં લલગાગાં લલગા
(આ છંદમાં અંતે 'લલગા'ને બદલે 'ગાગા' પણ લઈ શકાય)

(3)
વિષય રદીફ

વિષય રદીફમાં રદીફ તરીકે જ કોઈ વિષય હોય છે તેથી આખી ગઝલ એ જ વિષય પર કહેવી પડે. જેમ કે માણસ, આંખ, હાથ, દુનિયા, નદી, પર્વત, સાકી, શમણાં વગેરેને રદીફ તરીકે લેવામાં આવે તો આખી ગઝલના બધા જ શેર એક જ વિષય પર હશે. એમ છતાં દરેક શેર સ્વતંત્ર અર્થ ધરાવતો પૂર્ણ શેર હોવો જ જોઈએ, અન્યથા એ રચના ગઝલ ગણાશે નહીં.

(૧૩)
ઊગમણાં આથમણાં શમણાં,
જ્યાં દેખો ત્યાં શમણાં શમણાં.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૫૩૧)
રદીફ : શમણાં
કાફિયા : આથમણાં – શમણાં
કાફિયા-વ્યવસ્થા : અકાર+મણાં
છંદ : ગાંગાગ઼ાગા ગાંગાગ઼ાગા

(૧૪)
ભીડ નિહાળી ભડકે આંખો,
દોડે ઊભી સડકે આંખો.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૫૩૨)
રદીફ : આંખો
કાફિયા : ભડકે – સડકે
કાફિયા-વ્યવસ્થા : અકાર+ડકે
છંદ : ગાંગાગ઼ાગા ગાંગાગ઼ાગા

(૧૫)
આ નર્યા હાડ ચામનો માણસ,
એટલે દોડધામનો માણસ.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૫૬૧)
રદીફ : નો માણસ
કાફિયા : ચામ – દોડધામ
કાફિયા-વ્યવસ્થા : આકાર+મ
છંદ : ગાલ઼ગાગાં લગ઼ાલગાં લલ઼ગા
(આ છંદમાં અંતે 'લલગા'ને બદલે 'ગાગા' પણ લઈ શકાય)

(૧૬)
કહીં છે લ્હેર લીલા, ક્યાંક કાળો કેર છે સાકી!
કહું શું કે જગતમાં કેટલું અંધેર છે સાકી!
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૮૬)
રદીફ : છે સાકી
કાફિયા : કેર – અંધેર
કાફિયા-વ્યવસ્થા : એકાર+ર
છંદ : લગ઼ાગાગાં લગ઼ાગાગાં લગ઼ાગાગાં લગ઼ાગાગાં

(૪)
વિશિષ્ટ રદીફ

વિશિષ્ટ રદીફના ઉદાહરણોની રદીફના અભ્યાસથી વિશિષ્ટ રદીફ કોને કહેવાય એ સમજાય જશે.

(૧૭)
વિરોધી વાળે એનાથી વધારે વેર વાળ્યું છે,
રહી પડખે ગજબનું પક્ષકારે વેર વાળ્યું છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૧૨૦)
રદીફ : વેર વાળ્યું છે
કાફિયા : વધારે – પક્ષકારે
કાફિયા-વ્યવસ્થા : આકાર+રે
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+આકાર+રે
છંદ : લગ઼ાગાગાં લગ઼ાગાગાં લગ઼ાગાગાં લગ઼ાગાગાં

(૧૮)
પરસ્પર બે ઉરોને ભેટતાં બહુ વાર લાગે છે,
મિલન થઈ જાય છે કિન્તુ થતાં બહુ વાર લાગે છે.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૨૮૪)
રદીફ : બહુ વાર લાગે છે
કાફિયા : ભેટતાં – થતાં
કાફિયા-વ્યવસ્થા : અકાર+તાં
છંદ : લગ઼ાગાગાં લગ઼ાગાગાં લગ઼ાગાગાં લગ઼ાગાગાં

(૧૯)

પગ મારો ઊપડ્યો જ નથી એમ પણ નથી,
ને ખુદ મને નડ્યો જ નથી એમ પણ નથી.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૬૩)
રદીફ : જ નથી એમ પણ નથી
કાફિયા : ઊપડ્યો – નડ્યો
કાફિયા-વ્યવસ્થા : અકાર+ડ્યો
છંદ : ગાગાં લગ઼ાલગાં લલ઼ગાગાં લગ઼ાલગાં

(૨૦)

બદનામીને બહાને મને યાદ તો કર્યો,
મારવા પછી જમાને મને યાદ તો કર્યો.
- અમૃત 'ઘાયલ'
('આઠોં જામ ખુમારી', પૃષ્ઠ ક્રમાંક ૪૭૪)
રદીફ : મને યાદ તો કર્યો
કાફિયા : બહાને – જમાને
કાફિયા-વ્યવસ્થા : આકાર+ને
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+આકાર+ને
છંદ : ગાગાં લગ઼ાલગાં લલ઼ગાગાં લગ઼ાલગાં

*****

ગઝલ સ્વરૂપ : પૃષ્ઠ ક્રમાંક ૬

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
શી	ખ	બર	આ	વું	પ	રિ	વર્	તન	થ	શે
દિલ	સ	રી	ખો	દોસ્	ત	પણ	દુશ્	મન	થ	શે
સદ	વિ	ચા	રો	છે	તો	સદ	વર્	તન	થ	શે
આ	ચિ	રા	ગો	પણ	ક	દી	રો	શન	થ	શે
ધી	ર	ધર	મા	રા	દુઃ	ખી	મન	ધી	ર	ધર
એ	ક	દી	દુઃખ	પો	તે	દુઃખ	ભં	જન	થ	શે
ભય	પ્ર	લય	નો	કંઈ	ન	થી	એ	ખે	દ	છે
નષ્	ટ	સર્	જન	હા	ર	નું	સર્	જન	થ	શે
તું	દુ	ભા	વી	ને	તો	જો	મા	રું	હૃ	દય
મા	રું	દુઃખ	તા	રું	મ	નો	રં	જન	થ	શે
છે	ક્ષ	ણિક	કિં	તુ	ન	થી	જી	વ્યું	જ	તું
શું	થ	શે	જ્યા	રે	અ	મર	જી	વન	થ	શે
મો	ક્ષ	પર	મર	ના	ર	મૂ	રખ	મા	ન	વી
શું	થ	શે	જો	મો	ક્ષ	પણ	બં	ધન	થ	શે
દોસ્	ત	તા	રા	દોસ્	ત	જૂ	ના	છો	ડ	મા
દોસ્	ત	સૌ	જૂ	ના	ન	વા	દુશ્	મન	થ	શે
હર	લ	ડત	ઘા	યલ	તું	લડ	જે	પ્રે	મ	થી
જે	ર	એ	અમ્	રુત	થ	કી	દુશ્	મન	થ	શે

ગઝલ સ્વરૂપ : પૃષ્ઠ ક્રમાંક ૭

ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા	ગા	ગાં	લ	ગ઼ા
એ	ક	એ	ની	યા	દ	થી	આ	નં	દ	છે	આ	રા	મ	છે
જી	વ	ઠે	કા	ણે	ન	થી	પણ	જી	વ	વા	ની	હા	મ	છે
જિં	દ	ગી	ના	એ	ક	દિન	નું	મો	ત	બી	જું	ના	મ	છે
એ	ત	ને	કો	ણે	ક	હ્યું	મર	વા	પ	છી	આ	રા	મ	છે
શી	ન	વા	ઈ	આ	જ	મા	રું	ના	મ	જો	બદ	ના	મ	છે
પ્રે	મ	નો	અં	જા	મ	શો	છે	એ	જ	તો	અં	જા	મ	છે
એ	મ	ણે	તો	યશ	ની	રે	ખા	હા	થ	માં	આ	પી	હ	તી
વાં	ક	મા	રો	છે	જો	મા	થે	સેં	ક	ડો	ઇલ્	ઝા	મ	છે
કૈં	ભુ	લા	વા	માં	પ	ડ્યો	છે	માર્	ગ	દર્	શક	તું	જ	રૂર
માર્	ગ	ક્યાં	છે	આ	પ	ણો	આ	માર્	ગ	તો	સરિ	યા	મ	છે
મા	ન્યું	રમ	તા	રા	મ	છું	હું	મા	રું	ઠે	કા	ણું	ન	થી
તા	રું	પણ	ઠે	કા	ણું	ક્યાં	છે	તું	ય	રમ	તા	રા	મ	છે
કા	ળ	જે	વો	કા	ળ	બો	લ્યો	જો	ઈ	ને	ઘા	યલ	ની	લાશ
એ	ગ	જું	ક્યાં	મો	ત	નું	એ	જિં	દ	ગી	નું	કા	મ	છે

સમાપ્ત

કાફિયા વૈવિધ્ય સભર

હિના શાહ 'મહેંદી' કૃત ગઝલસંગ્રહ

'રંગ મારો ખુદનો છે'

(વિમોચન : તા. ૧૧-૧૨-૨૦૨૨)

- ઉદય શાહ

હિના શાહ 'મહેંદી'એ એમના હૃદયમાં, ગઝલસંગ્રહમાં અને વિમોચન પ્રસંગે મંચ પર મને ગુરૂ પદે સ્થાન આપ્યું એ બદલ હું આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું. હું ખૂબ જ ટૂંકા સમયમાં 'ગુજરાતી ગઝલનું કાફિયાશાસ્ત્ર' પ્રસ્તુત કરવા જઈ રહ્યો છું. આ સમયે હિના શાહ 'મહેંદી'નો ગઝલસંગ્રહ 'રંગ મારો ખુદનો છે' મને મળ્યો કે જે સુંદર ગઝલોની સાથે-સાથે એની કાફિયા-ચુસ્તતાને કારણે પણ આગવી ઓળખ બનાવે છે. કાફિયા બાબતે આટલી સભાનતા ખૂબ ઓછા ગઝલકારોમાં જોવા મળે છે. કાફિયાશાસ્ત્રની રચના માટે મેં જે જે પ્રકારનું કાફિયા-વૈવિધ્ય નોંધ્યું છે એમાંનું લગભગ બધા જ પ્રકારનું કાફિય-વૈવિધ્ય આ ગઝલસંગ્રહમાં જોવા મળ્યું છે તથા એમની ગઝલોમાં કાફિયાદોષ શોધી શકાય એમ નથી. આ વાત માટે પણ હું આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું. અહીં ગઝલમાં કાફિયા-વ્યવસ્થાની ચર્ચા અને કાફિયા-વૈવિધ્ય સાથે 'રંગ મારો ખુદનો છે' ગઝલસંગ્રહમાંથી ઉદાહરણ સ્વરૂપે કેટલીક ગઝલના મતલા અને ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા પ્રસ્તુત કરૂં છું.

"ગઝલમાં પ્રયુક્ત બધા જ કાફિયામાં ઓછામાં ઓછો એક અંત્યાક્ષર એકસરખો હોવો જોઇએ અને એના પહેલાના અક્ષરનો ફક્ત સ્વર એકસરખો હોવો જોઇએ." ઉદાહરણો પ્રસ્તુત છે.

(૧)
જરા આપવાથી એ મળશે વધારે,
હું એથી જ આપ્યા કરું વારેવારે.
કાફિયા : વધારે – વારેવારે
કાફિયા-વ્યવસ્થા : આકાર+રે
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : વિચારે, હજારે, સુધારે, ઉધારે.
(પૃષ્ઠ ક્રમાંક ૧૯)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'રે' એકસરખો છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' એકસરખો છે.

(૨)
કરમ કરવાં પડે એવાં, મદદમાં આમ નહીં આવે,
તમે સ્વાર્થી બની બોલાવશો તો શ્યામ નહીં આવે.
કાફિયા : આમ – શ્યામ
કાફિયા-વ્યવસ્થા : આકાર+મ
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : રામ, કામ, નામ, ધામ.
(પૃષ્ઠ ક્રમાંક ૫૫)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'મ' એકસરખો છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' એકસરખો છે.

(૩)
એની સાથે દર્દ એ લટકામાં તેડી લાવશે,
હોય હિંમત તો જ કરજો પ્રેમ, નહીં તો ચાલશે.
કાફિયા : લાવશે – ચાલશે
કાફિયા-વ્યવસ્થા : અકાર+શે
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : આકાર+અકાર+શે
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : વરસાવશે, નિભાવશે, લાગશે, સંતાડશે.
(પૃષ્ઠ ક્રમાંક ૧૪)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'શે' એકસરખો છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો છે તથા એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' પણ એકસરખો છે. 'શે' કૃદંતનો પ્રત્યય હોવાથી એને કાફિયાનો જ ભાગ ગણવો જોઇએ.

(૪)
મને શાને મળ્યું આવું? બધાં એ ગડમથલમાં છે,
અરે! વાવ્યા હતા એવા જ તો દાણા ફસલમાં છે.
કાફિયા : ગડમથલમાં – ફસલમાં
કાફિયા-વ્યવસ્થા : અકાર+લમાં
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+અકાર+લમાં
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : અસલમાં, ગઝલમાં, કતલમાં, નકલમાં.
(પૃષ્ઠ ક્રમાંક ૩૨)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષરો 'લમાં' એકસરખા છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો છે તથા એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' પણ એકસરખો છે. 'માં' કાફિયા સાથે જોડીને લખાતો હોવા છતાં વિભક્તિનો પ્રત્યય હોવાથી રદીફનો ભાગ ગણાશે.

(૫)
કહે જેને લોકો મગજમારી મારી,
નડે છે એ લોકોને ખુદ્દારી મારી.
કાફિયા : મગજમારી – ખુદ્દારી
કાફિયા-વ્યવસ્થા : આકાર+રી
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : ગદ્દારી, સમજદારી, વફાદારી, નાદારી.
(પૃષ્ઠ ક્રમાંક ૭૧)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'રી' એકસરખો છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' એકસરખો છે. પરંતુ મતલાના 'મગજમારી' કાફિયા સિવાય બાકીના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'રી'ને બદલે અંત્યાક્ષરો 'દારી' એકસરખા થઈ જતાં હોવાથી કાફિયાદોષ બને છે. મારા દ્રષ્ટિકોણ મુજબ કાફિયાદોષ હોય એવી આખા ગઝલસંગ્રહમાં આ એકમાત્ર ગઝલ છે.

"જે કાફિયામાં એકસરખા અંત્યાક્ષરો ન હોય પરંતુ અંત્યાક્ષરોનો ફક્ત સ્વર જ એકસરખો હોય એવા સ્વરાંત કાફિયામાં અકારાંત કાફિયા વર્જિત છે." આ પ્રકારના કાફિયામાં રામ – પ્રીત – શેર – દોડ જેવા અકારાંત કાફિયા વર્જિત છે. સ્વરાંત કાફિયાના ઉદાહરણો પ્રસ્તુત છે.

(૧)
વેદના પામી છતાં સંવેદના ઓછી પડી,
જિંદગી અર્પણ કરી તો પણ વફા ઓછી પડી.
કાફિયા : સંવેદના – વફા
કાફિયા-વ્યવસ્થા : આકારાંત
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : શમા, હવા, દુઆ, પ્રાર્થના.
(પૃષ્ઠ ક્રમાંક ૧૫)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં એકસરખા અંત્યાક્ષરો નથી પરંતુ ફક્ત અંત્યાક્ષરનો સ્વર 'આ' જ એકસરખો છે.

(૨)
શબ્દના પડઘા બધે વ્યાપી જશે,
મૌન રહીને બોલ તો ફાવી જશે.
કાફિયા : વ્યાપી – ફાવી
કાફિયા-વ્યવસ્થા : ઈકારાંત
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : આકાર+ઈકાર
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : કાપી, આપી, મારી, નાસી.
(પૃષ્ઠ ક્રમાંક ૩૪)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં એકસરખા અંત્યાક્ષરો નથી પરંતુ અંત્યાક્ષરનો સ્વર 'ઈ' એકસરખો છે તથા એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' પણ એકસરખો છે.

"જો એકસરખા અંત્યાક્ષરો પહેલાનો અક્ષર જોડાક્ષર અથવા અકારાંત લખાતા હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતા અક્ષર હોય તો એ પણ બધા જ કાફિયામાં એકસરખા જ હોવા જોઇએ અને એના પહેલાના અક્ષરનો ફક્ત સ્વર એકસરખો હોવો જોઇએ. આ પ્રકારના કાફિયામાં જ સૌથી વધારે કાફિયાદોષ જોવા મળતો હોય છે પરંતુ 'રંગ મારો ખુદનો છે' ગઝલસંગ્રહમાં આ પ્રકારના કાફિયામાં પણ કાફિયાદોષ જોવા મળતો નથી. ઉદાહરણો પ્રસ્તુત છે.

(૧)
સમજી વિચારીને જ હું ડગલું ભર્યા કરું,
પણ ઢાળ એવો તારી તરફ કે સર્યા કરું.
કાફિયા : ભર્યા – સર્યા
કાફિયા-વ્યવસ્થા : અકાર+ર્યા
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : ધર્યા, મર્યા, કર્યા, ઝર્યા.
(પૃષ્ઠ ક્રમાંક ૫૬, પહેલી પંક્તિને અંતે 'કરું'ને બદલે ભૂલથી 'કર્યું' છપાયું છે.)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં જોડાક્ષર 'ર્' સહિત અંત્યાક્ષર 'યા' એટલે કે 'ર્યા' એકસરખો છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો છે. 'ભર્યા' અથવા 'સર્યા' કાફિયા સાથે કહ્યા, લખ્યા, વસ્યા વગેરે જેવા કાફિયા અયોગ્ય ગણાય છે કે જેમાં જોડાક્ષર અલગઅલગ હોય.

(૨)
મેં પ્રેમ કરવા એને મારો હાથ લંબાવ્યો હતો,
પણ પ્રેમ સાચી લાગણીનો એને ક્યાં ફાવ્યો હતો?
કાફિયા : લંબાવ્યો – ફાવ્યો
કાફિયા-વ્યવસ્થા : આકાર+વ્યો
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : અપનાવ્યો, અટકાવ્યો, આવ્યો, સમજાવ્યો.
(પૃષ્ઠ ક્રમાંક ૨૨)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં જોડાક્ષર 'વ્' સહિત અંત્યાક્ષર 'યો' એટલે કે 'વ્યો' એકસરખો છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' એકસરખો છે. 'લંબાવ્યો' અથવા 'ફાવ્યો' કાફિયા સાથે આપ્યો, ચાખ્યો, નાચ્યો વગેરે જેવા કાફિયા અયોગ્ય ગણાય છે કે જેમાં જોડાક્ષર અલગઅલગ હોય.

(3)
જાણી કરીને કામ ખોટાં હું કદી કરતી નથી,
ને એટલે ભગવાન, તારાથી કદી ડરતી નથી.
કાફિયા : કરતી – ડરતી
કાફિયા-વ્યવસ્થા : અકાર+રતી
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : કરગરતી, આચરતી, છેતરતી, ધરતી.
(પૃષ્ઠ ક્રમાંક 33)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષરો 'રતી' એકસરખા છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો છે. અહીં કાફિયામાં છેલ્લેથી બીજો અક્ષર 'ર' અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો અક્ષર છે કે જે બધા જ કાફિયામાં એકસરખો જ છે. 'કરતી' અથવા 'ડરતી' કાફિયા સાથે હસતી, ઘડતી, લખતી વગેરે જેવા કાફિયા અયોગ્ય ગણાય છે કે જેમાં અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો અક્ષર (અહીં છેલ્લેથી બીજો અક્ષર) અલગઅલગ હોય.

(૪)
રહ્યાં ઉત્તર અને દક્ષિણ છતાં મળતાં અમે જોયાં,
મીઠાં મધ નીરને ખારાશમાં ભળતાં અમે જોયાં.
કાફિયા : મળતાં – ભળતાં
કાફિયા-વ્યવસ્થા : અકાર+ળતાં
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : ઉછળતાં, વળતાં, પીગળતા, ઓગળતાં.
(પૃષ્ઠ ક્રમાંક ૨૩)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષરો 'ળતાં' એકસરખા છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો છે. અહીં કાફિયામાં છેલ્લેથી બીજો અક્ષર 'ળ' અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો અક્ષર છે કે જે બધા જ કાફિયામાં એકસરખો જ છે. 'મળતાં' અથવા 'ભળતાં' કાફિયા સાથે હસતાં, ઘડતાં, લખતાં વગેરે જેવા કાફિયા અયોગ્ય ગણાય છે કે જેમાં અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો અક્ષર (અહીં છેલ્લેથી બીજો અક્ષર) અલગઅલગ હોય. આ ગઝલમાં 'પીગળતા' કાફિયામાં અનુસ્વારના નિયમોને આધીન અનુનાસિક અનુસ્વારની છૂટ લેવામાં આવી છે કે જે સ્વીકાર્ય ગણાય છે.

મારા દ્રષ્ટિકોણ મુજબ લગભગ બધા જ પ્રકારના કાફિયાના વૈવિધ્ય ધરાવતો ગઝલસંગ્રહ 'રંગ મારો ખુદનો છે' આપવા બદલ હિના શાહ 'મહેંદી'ને ખૂબ ખૂબ અભિનંદન તથા ગઝલપ્રેમીઓ એમની ગઝલોને માણે અને નવોદિતો કાફિયાની ચુસ્તતા અને વૈવિધ્યના અભ્યાસ માટે એમના આ ગઝલસંગ્રહનો પણ અભ્યાસ કરે એવી અનેક શુભેચ્છાઓ.

Uday Shah
(Navsari)
(M) 9428882632
Date : 14-12-2022

‘ઝલક’, ‘પગરવ તારા’

- ઉદય શાહ

(મો) ૯૪૨૮૮૮૨૬૩૨

જુલાઈ-૨૦૨૬

હૃદય પર જે બાબત ઘસાયા કરે છે,
અનુવાદ પામી લખાયા કરે છે.
- લીલા પટેલ ‘ઝલક’
ગઝલસંગ્રહ : પગરવ તારા
ગઝલ ક્રમાંક : ૫૮

સૌપ્રથમ લીલા પટેલ ‘ઝલક’ને એમના પ્રથમ ગઝલસંગ્રહ ‘પગરવ તારા’ પ્રકાશિત કરવા બદલ હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું તથા સપ્ટેમ્બર-૨૦૨૫માં પ્રકાશિત થયેલ સંગ્રહ માટે અવલોકન લેખ છેક જુલાઈ-૨૦૨૬માં પ્રસ્તુત કરવા બદલ માફી પણ ચાહું છું.

પ્રથમ ગઝલસંગ્રહને કારણે જ લીલા પટેલ ‘ઝલક’ને નવોદિત ગઝલકાર કહી શકાય. પરંતુ એમની ગઝલોને માણતી વખતે તેઓ નવોદિત ગઝલકાર હોવાનો અહેસાસ બિલકુલ ન થાય એવી સુંદર ગઝલો એમણે આ પ્રથમ ગઝલસંગ્રહમાં પ્રસ્તુત કરી છે. કોઈપણ સર્જકનું બધું જ સર્જન બધાને જ ગમી જાય એવું હોતું નથી પરંતુ મોટેભાગનું સર્જન ઘણા બધાને ગમી જાય એ ઘણી મોટી વાત છે. લીલા પટેલ ‘ઝલક’ એમના પ્રથમ ગઝલસંગ્રહ ‘પગરવ તારા’માં જ ઘણી ગઝલો ઘણાને ગમી જાય એવું કામ કરી દીધું છે.

અસરકારક સુંદર મતલા આખી ગઝલને સુંદર બનાવવામાં મોટો ભાગ ભજવે છે. તેઓ આ બાબતે પણ ઘણે અંશે સફળ રહ્યા છે. આગળ પ્રસ્તુત મતલાને માણવાથી આ વાતને અનુભવી શકાશે.

ગઝલસંગ્રહમાં ગઝલની સાથે ગઝલના છંદ ઉપરાંત ગઝલમાં કાફિયા-વ્યવસ્થા દર્શાવતો હાલમાં એકમાત્ર ગઝલસંગ્રહ એટલે લીલા પટેલ ‘ઝલક’ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ ગઝલસંગ્રહ ‘પગરવ તારા’. આ ઉપરાંત ગઝલમાં કાફિયા અને છંદ વૈવિધ્ય જાળવવાનું કામ પણ એમણે આ ગઝલસંગ્રહમાં સફળતાપૂર્વક કરી બતાવ્યું છે. આખા ગઝલસંગ્રહમાં કાફિયાદોષ તો નથી જ પરંતુ છંદદોષની શક્યતા પણ નહીંવત છે.

લીલા પટેલ 'ઝલક' દ્વારા પ્રસ્તુત આ ગઝલસંગ્રહ 'પગરવ તારા'માં તેઓએ વૈવિધ્યપૂર્ણ કાફિયા સાથે ફકત શુદ્ધ છંદોના અખંડિત અને ખંડિત સ્વરૂપના કુલ ૨૬ છંદોનો પ્રયોગ કર્યો છે. તેઓએ મિશ્ર છંદોનો તથા એકસાથે બે લઘુનો એટલે કે 'લલ' સ્વરૂપના પ્રયોગવાળા છંદોનો પ્રયોગ બિલકુલ ટાળી દીધો છે.

આમ નવોદિત ગઝલકારોને છંદ અને કાફિયાની ચુસ્તતાના અભ્યાસ માટે આ ગઝલસંગ્રહ ખૂબ જ ઉપયોગી નિવડશે એવું મારૂં માનવું છે.

ગઝલરૂપી પુષ્પો ચૂંટીને કુલ ૧૦૫ પુષ્પોનો ગુલદસ્તો લીલા પટેલ 'ઝલક' દ્વારા એમના ગઝલસંગ્રહ 'પગરવ તારા' સ્વરૂપે ગઝલવિશ્વને અર્પણ કરીને ગૌરવપૂર્ણ કામ કર્યું છે, એ બદલ એમને ફરથી ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું. આ ઉપરાંત ગઝલસંગ્રહ 'પગરવ તારા'માં 'વિશેષ સમજૂતી' હેઠળ મને ગુરૂપદ આપવા બદલ તથા એમાં 'સંદર્ભ પુસ્તકો'માં મારા જ બે પુસ્તકો 'ગઝલનું છંદશાસ્ત્ર' અને 'ગુજરાતી ગઝલનું કાફિયાશાસ્ત્ર'ને સ્થાન આપવા બદલ લીલા પટેલ 'ઝલક'નો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરૂં છું.

તેઓએ કુલ ૧૦૫ ગઝલોમાંથી ૩૦ ગઝલોમાં 'લગાગા લગાગા લગાગા લગાગા' છંદનો જ પ્રયોગ કર્યો છે, તો એ જ છંદની ગઝલોમાંથી કાફિયા વૈવિધ્ય ૧૦ મતલા દ્વારા પ્રસ્તુત કરૂં છું.

(A)

"ગઝલમાં પ્રયુક્ત બધા જ કાફિયામાં ઓછામાં ઓછો એક અંત્યાક્ષર એકસરખો હોવો જોઇએ અને એના પહેલાના અક્ષરનો ફક્ત સ્વર એકસરખો હોવો જોઇએ."

(૧)
મળેલી પ્રતિષ્ઠાના પાયા તપાસો,
પહોંચ્યા જે રાસ્તે એ વાયા તપાસો.
ગઝલ ક્રમાંક : ૯
કાફિયા : પાયા – વાયા
કાફિયા-વ્યવસ્થા : આકાર+યા

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'યા' એકસરખો હોવો જોઈએ અને એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' એકસરખો હોવો જોઈએ.

(૨)
દરદ કંઈ દવા કંઈ ને લઉં તો મટે કંઈ,
કરું પૂર્તતા એક બીજું ઘટે કંઈ.
ગઝલ ક્રમાંક : ૧૨
કાફિયા : મટે – ઘટે
કાફિયા-વ્યવસ્થા : અકાર+ટે

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'ટે' એકસરખો હોવો જોઈએ અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો હોવો જોઈએ.

(3)
ડરો તો ડરાવે આ સંસાર એવો,
વળો પીઠથી મૂકશે ભાર એવો.
ગઝલ ક્રમાંક : 30
કાફિયા : સંસાર – ભાર
કાફિયા-વ્યવસ્થા : આકાર+ર

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'ર' એકસરખો હોવો જોઈએ અને એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' એકસરખો હોવો જોઈએ.

(૪)
તને જોઈને પ્રેમ બસ ઓગળે છે,
ને તારા નયનમાં તમસ ઓગળે છે.
ગઝલ ક્રમાંક : ૭૭
કાફિયા : બસ – તમસ
કાફિયા-વ્યવસ્થા : અકાર+સ

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'સ' એકસરખો હોવો જોઈએ અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો હોવો જોઈએ.

(B)

"જો એકસરખા અંત્યાક્ષરો પહેલાનો અક્ષર જોડાક્ષર અથવા અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો અક્ષર હોય તો એ પણ બધા જ કાફિયામાં એકસરખો જ હોવો જોઇએ અને એના પહેલાના અક્ષરનો ફક્ત સ્વર એકસરખો હોવો જોઇએ."

(૫)
કરું છું હું આજ્ઞા વિનવણી નથી આ,
કરમ છે જીવનના પજવણી નથી આ.
ગઝલ ક્રમાંક : ૪૫
કાફિયા : વિનવણી – પજવણી
કાફિયા-વ્યવસ્થા : અકાર+વણી

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો છેલ્લેથી બીજો અક્ષર 'વ' સહિત અંત્યાક્ષર 'ણી' એટલે કે અંત્યાક્ષરો 'વણી' એકસરખા હોવા જોઈએ અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો હોવો જોઈએ. 'વિનવણી' અથવા 'પજવણી' કાફિયા સાથે ખતવણી, ખિલવણી, ભજવણી વગેરે જેવા કાફિયા લઈ શકાય પરંતુ લપસણી, છટકણી, ઉઠમણી વગેરે જેવા કાફિયા અયોગ્ય ગણાય છે કે જેમાં અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો અક્ષર (અહીં છેલ્લેથી બીજો અક્ષર) અલગઅલગ હોય.

(૬)
મને લાગણીઓ ફસાવ્યા કરે છે,
પછી એ જ બાબત સતાવ્યા કરે છે.
ગઝલ ક્રમાંક : ૧૯
કાફિયા : ફસાવ્યા – સતાવ્યા
કાફિયા-વ્યવસ્થા : આકાર+વ્યા

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં જોડાક્ષર 'વ્' સહિત અંત્યાક્ષર 'યા' એટલે કે અંત્યાક્ષર 'વ્યો' એકસરખો હોવો જોઈએ અને એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' એકસરખો હોવો જોઈએ. 'ફસાવ્યા' અથવા 'સતાવ્યા' કાફિયા સાથે લાવ્યા, આવ્યા, ફાવ્યા વગેરે જેવા કાફિયા લઈ શકાય પરંતુ નાખ્યા, જાગ્યા, કાપ્યા વગેરે જેવા કાફિયા અયોગ્ય ગણાય છે કે જેમાં જોડાક્ષર અલગઅલગ હોય.

(C)

“જે કાફિયામાં એકસરખા અંત્યાક્ષરો ન હોય પરંતુ અંત્યાક્ષરોનો ફક્ત સ્વર જ એકસરખો હોય એવા સ્વરાંત કાફિયામાં અકારાંત કાફિયા વર્જિત છે. સ્વરાંત કાફિયામાં અકારાંત સિવાયના એટલે કે આકારાંત, ઈકારાંત, ઉંકારાંત, એકારાંત અને ઓકારાંત કાફિયા લઈ શકાય.”

(૭)
રહી ગઈ અધૂરી કથા ગોઠવી છે
નસીબે કરેલી દશા ગોઠવી છે
ગઝલ ક્રમાંક : ૧૬
કાફિયા : કથા – દશા
કાફિયા-વ્યવસ્થા : આકારાંત

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં ફક્ત અંત્યાક્ષરનો સ્વર ‘આ’ જ એકસરખો હોવો જોઈએ.

(૮)
મળી વેદના જિંદગીને કહે છે,
જુઓ આશ મારે ત્યાં પાણી ભરે છે.
ગઝલ ક્રમાંક : ૧૮
કાફિયા : કહે – ભરે
કાફિયા-વ્યવસ્થા : એકારાંત

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં ફક્ત અંત્યાક્ષરનો સ્વર ‘એ’ જ એકસરખો હોવો જોઈએ.

(D)

અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થામાં એકસરખાં સ્વરવાળા અક્ષરની સંખ્યા ચોક્કસ અનુક્રમમાં એકથી વધુ હશે. મતલામાં અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા હોવા છતાં આખી ગઝલમાં ફક્ત ચુસ્ત કાફિયા-વ્યવસ્થા જ નિભાવવી જરૂરી છે પરંતુ આખી ગઝલમાં મતલા મુજબની અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા નિભાવવામાં આવે તો ગઝલ વધુ નિખરે છે. પ્રસ્તુત ઉદાહરણમાં આખી ગઝલમાં અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા નિભાવવામાં આવી છે.

(૯)
મિલનની ઘડીઓ અહમ થઈ નડે છે,
મિજાજો જ ખુદના ગરમ થઈ નડે છે.
ગઝલ ક્રમાંક : ૩
કાફિયા : અહમ – ગરમ
કાફિયા-વ્યવસ્થા : અકાર+મ
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+અકાર+મ

(૧૦)
ધરી હાથને ચાલનારા ગયા ક્યાં?
નજરથી મને પામનારા ગયા ક્યાં?
ગઝલ ક્રમાંક : ૨૬
કાફિયા : ચાલનારા – પામનારા
કાફિયા-વ્યવસ્થા : અકાર+નારા
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : આકાર+અકાર+નારા

ઉપર ઉદાહરણ ક્રમાંક ૬, ૭ અને ૮માં પણ આખી ગઝલમાં અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા નિભાવવામાં આવી છે.

(૬)
ગઝલ ક્રમાંક : ૧૯
કાફિયા : ફસાવ્યા – સતાવ્યા
કાફિયા-વ્યવસ્થા : આકાર+વ્યા
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+આકાર+વ્યા

(૭)
ગઝલ ક્રમાંક : ૧૬
કાફિયા : કથા – દશા
કાફિયા-વ્યવસ્થા : આકારાંત
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+આકાર

(૮)
ગઝલ ક્રમાંક : ૧૮
કાફિયા : કહે – ભરે
કાફિયા-વ્યવસ્થા : એકારાંત
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+એકાર

આખા સંગ્રહમાં પ્રયોજેલ કુલ ૨૬ છંદો પૈકી ૨૫ છંદોના મતલા અહીં પ્રસ્તુત કરું છું.

(૧)
છંદ : લગાગા લગાગા લગાગા લગાગા
કરી તેં જીવનમાં સળી કેટલી છે?
કહેજે મને એ ફળી કેટલી છે?
ગઝલ ક્રમાંક : ૭૨

(૨)
છંદ : લગાગા લગાગા લગાગા લગા
હજી ક્યાં થયા છે સહજ આપણે,
કરી દઈએ રજનુંયે ગજ આપણે.
ગઝલ ક્રમાંક : ૭૯

(3)
છંદ : ગાલગા ગાલગા ગાલગા ગાલગા
માન્યતા માન્યતામાં જરા ફેર છે,
કોઈ માટે શહદ કોઈનું ઝેર છે.
ગઝલ ક્રમાંક : ૯૭

(૪)

છંદ : લગાલગા લગાલગા લગાલગા લગાલગા

હશે સમય દવા છતાં દવા ના કામ આવતી,
રહે છે દર્દ એકલું સભા ના કામ આવતી.

ગઝલ ક્રમાંક : ૮૦

(૫)

છંદ : લગાગાગા લગાગાગા લગાગાગા લગાગાગા

દરદ આપી દવા નામે મલમ વેચાય છે અહીંયાં,
બધું સારું થશે એવો ભરમ વેચાય છે અહીંયાં.

ગઝલ ક્રમાંક : ૧૦

(૬)

છંદ : લગાગાગા લગાગાગા લગાગાગા લગાગા

વધારે થાય તો આરામ પણ થકવ્યા કરે છે,
હૃદય અંકિત થયેલાં નામ પણ થકવ્યા કરે છે.

ગઝલ ક્રમાંક : ૬

(૭)

છંદ : લગાગાગા લગાગાગા લગાગાગા લગા

વલોવાઈ જો અંતર તો કવિતા થાય ને!
વહે ટીપુંયે ટીપું તો સરિતા થાય ને!

ગઝલ ક્રમાંક : ૭૮

(૮)

છંદ : લગાગાગા લગાગાગા લગાગાગા

જગત આખું વિવેચકથી ભરેલું છે,
નકામી સાવ રકઝકથી ભરેલું છે.

ગઝલ ક્રમાંક : ૭૦

(૯)
છંદ : લગાગાગા લગાગાગા લગાગા
આ બળતામાં ઘી હોમાયું છે ચોક્કસ,
ને વાર્તામાં એ ચર્ચાયું છે ચોક્કસ.
ગઝલ ક્રમાંક : ૯૯

(૧૦)
છંદ : ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગાગા
દેશ માટે ઘર ને માનું વ્હાલ છોડી જાય સૈનિક,
પત્ની ને માના ભરોસે બાલ છોડી જાય સૈનિક.
ગઝલ ક્રમાંક : ૧૦૪

(૧૧)
છંદ : ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા
સ્નેહભીની આંખને રાખું સદા વહેવારમાં,
ભાવમાં પાછું મળે છે એ જ તો સંસારમાં
ગઝલ ક્રમાંક : ૩૭

(૧૨)
છંદ : ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગા
સાંભળી હર વાત અપનાવી નથી લેતી,
અણસમજનું જ્ઞાન અજમાવી નથી લેતી.
ગઝલ ક્રમાંક : ૬૯

(૧૩)
છંદ : ગાલગાગા ગાલગાગા ગાલગાગા
આવ સાથે પાનખરની ડાળ થાશું,
તું હશે તો કાળનોયે કાળ થાશું.
ગઝલ ક્રમાંક : ૧૩

(૧૪)
છંદ : ગાલગાગા ગાલગાગા ગાલગા
હસતું મ્હોરું પહેરવાનું બહુ થયું,
જાત સાથે બાઝવાનું બહુ થયું.
ગઝલ ક્રમાંક : ૫૬

(૧૫)
છંદ : ગાલગાગા ગાલગાગા
જીવવાનું ઝાડ થઈને,
કે પછી કો' પ્હાડ થઈને.
ગઝલ ક્રમાંક : ૪૪

(૧૬)
છંદ : ગાગાલગા ગાગાલગા ગાગાલગા ગાગાલગા
અંતરમાં એક આશા લઈને પોષતાં પણ આવડે,
હું સ્ત્રી છું ને તેથી તો એને ત્યાગતાં પણ આવડે.
ગઝલ ક્રમાંક : ૬૪

(૧૭)
છંદ : ગાગાલગા ગાગાલગા ગાગાલગા ગાગા
કંઈ કેટલું ડૂબ્યા કરે બે પાંપણો વચ્ચે,
ને એ જ પાછું તરવરે બે પાંપણો વચ્ચે.
ગઝલ ક્રમાંક : ૬૨

(૧૮)
છંદ : ગાગાલગા ગાગાલગા ગાગાલગા
વરસો થયાં મનને બદલ કરતાં મને,
ના આવડી કોઈ નકલ કરતાં મને.
ગઝલ ક્રમાંક : ૨૩

(૧૯)

છંદ : ગાગાલગા ગાગાલગા

સોંપ્યું હતું જે તત ગણી,

એને તમે ચાહત ગણી.

ગઝલ ક્રમાંક : ૩૩

(૨૦)

છંદ : ગાગાગાગા ગાગાગાગા ગાગાગાગા ગાગાગા

સારું નરસું જોવા માટે દુનિયા પાછળ ઊભી છે,

પાણીમાંથી પોરા માટે દુનિયા પાછળ ઊભી છે.

ગઝલ ક્રમાંક : ૪

(૨૧)

છંદ : ગાગાગાગા ગાગાગાગા ગાગાગાગા ગાગા

હોય સલામત જીવન તારા મમતાના પાલવમાં,

પ્રેમ ભરેલાં સ્પંદન તારા મમતાના પાલવમાં.

ગઝલ ક્રમાંક : ૫૫

(૨૨)

છંદ : ગાગાગાગા ગાગાગાગા ગાગાગાગા

સાવ નકામી થઈ ચર્ચામાં હું શું બોલું?

પાછળથી પડતા પડઘામાં હું શું બોલું?

ગઝલ ક્રમાંક : ૮૬

(૨૩)

છંદ : ગાગાગાગા ગાગાગાગા ગાગાગા

દુનિયા શું છે? વૃત્તિઓનો મેળો છે,

વ્હેણ મળે ત્યાં વહેતો રહેતો રેલો છે.

ગઝલ ક્રમાંક : ૮

(૨૪)
છંદ : ગાગાગાગા ગાગાગાગા
જીવાયું મન ઝટકી ઝટકી,
ડગ માંડ્યા પણ અટકી અટકી.
ગઝલ ક્રમાંક : ૧૫

(૨૫)
છંદ : ગાગાગાગા ગાગાગા
જીવન જીવ્યા જાત ઘસી,
મ્હેક ઊઠી ઓકાત ઘસી.
ગઝલ ક્રમાંક : ૪૧

ઉદય શાહ
૧૧૫/એ, ધર્મિન નગર,
કબીલપોર,
નવસારી – ૩૯૬૪૨૪.
(મો) ૯૪૨૮૮૮૨૬૩૨
Websites : www.sites.google.com/site/udayshahghazal

*****